


# ※ ૭૯મો જન્મજયન્તી વિશેષાંક ※


કહાન સંવત-૧૨ □ (૫૮૬) ※ આત્મધર્મ ※ (અંક-૨ વર્ષ-૪૯) □ વીર સં. ૨૫૧૮ ઓગસ્ટ, ૧૯૯૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના માનનીય અધ્યક્ષ

શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરાના માતુશ્રી શ્રી રંભાબેન તરફથી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવાયેલ

# બહેનશ્રી ચંપાબહેનની ૭૯મી જન્મજયંતી

દુર્લભ એવી દ્રવ્યદૃષ્ટિની પ્રાપ્તિ અર્થે પરમાત્મપણાનો મહામંત્ર આપી મુમુક્ષુ-સમાજને પુરુષાર્થની પ્રેરણા આપનાર અનંત ઉપકારી ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ ઉપદેશને ગ્રહણ કરીને તેઓશ્રીની અસીમ ઉપકારી છત્રછાયામાં નાની ઉંમરમાં સ્વાનુભૂતિ કરી લેનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કે જેમની અંતરંગ વિશિષ્ટ નિર્મળદશા, જાતિસ્મરણ તથા વચનામૃત-વાણી આદિની પ્રશંસા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવાનો આપણને સૌને અનેકવાર લાભ મળ્યો છે તેમની ૭૯મી જન્મજયંતી, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના માતુશ્રી વઢવાણનિવાસી શ્રી રંભાબેન પોપટલાલ વોરા તરફથી આપણા આદરણીય આદર્શ-આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ જેઠાલાલ શાહની દેવ–ગુરુ–ભક્તિભીની ઉપસ્થિતિમાં સુવર્ણ-પુરીમાં પાંચ દિવસના ભવ્ય સમારોહપૂર્વક ૨૫૦૦થી અધિક મહેમાનોની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવી હતી.

આ મંગલ અવસરે શ્રી હસમુખભાઈ વોરા તેમ જ તેમના ધર્મપત્ની શ્રી કળાબેન વોરાએ, પૂજ્ય બહેનશ્રી પ્રતિ પોતાના અતિ ભક્તિ-ઉત્સાહના કારણે 'શ્રી ચૌંસઠઋદ્ધિ-મંડલ'ના વિવિધરંગી મોતીનિર્મિત અતિ મનોજ્ઞ માંડલું તેમ જ ચંદરવો બનાવરાવ્યો હતો. તદુપરાંત ઉત્સવની શોભાની વૃદ્ધિ અર્થે હંસમુખી વિમાનના આકારનું ભવ્ય પ્રવેશદ્વાર તથા સમારોહ મંડપમાં અનેક પ્રકારનું મનોહર તેમ જ ચિત્તાકર્ષક ભવ્ય સુશોભન કરવામાં આવ્યું હતું. પૂજ્ય બહેનશ્રીના મનોહર વિશાળ ચિત્રપટ યુક્ત હંસમુખી વિમાન એટલું બધું ભવ્ય લાગતું હતું કે જાણે પૂજ્ય બહેનશ્રી મંગલ આશિષ પ્રદાન હેતુ અંતરીક્ષમાં સ્વયં પધાર્યા હોય!

આ આનંદકારી ઉત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે ઓડિયો-ટેપ દ્વારા પૂજ્ય બહેનશ્રીની શાંતરસઝરતી દેવ–ગુરુભક્તિ તેમ જ સ્વાનુભવ રસભીની ધર્મચર્ચા, જિનેન્દ્ર–દર્શન, તાત્ત્વિક તેમ જ ભક્તિસૂત્રોથી અંકિત ભવ્ય 'બેનર' તેમ જ વિવિધ નયનરમ્ય ભવ્ય શૃંગાર સજાવવામાં આવેલા મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર ગાથા ૧૯ થી ૨૫ ઉપર સ્વાનુભવરસ ઝરતું, પુરુષાર્થપ્રેરક, સ્વાનુભૂતિ–માર્ગદર્શક અલૌકિક આધ્યાત્મિક ટેપ પ્રવચન, આદરણીય પંડિતજી દ્વારા પ્રાસંગિક સમૂહભક્તિ, ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી ચૌંસઠઋદ્ધિમંડળ વિધાન પૂજા, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે વિદ્વાન પંડિત શ્રી હિમ્મતભાઈ ડગલી દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રપ્રવચન,

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૬ ]

કહાન
સંવત-૧૨
વર્ષ-૪૯
અંક-૨
[ ૫૮૬ ]

વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
AUG.
A.D. 1992




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલકારી
## ૭૯ મી જન્મજયંતી પ્રસંગે
ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ મહેકતાં.

## 卐 ૭૯ અધ્યાત્મ-પુષ્પો 卐

* હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું સમસ્ત વિભાવો રહિત કેવળ જ્ઞાયક જ છું. એમ ક્યાંય—શુભાશુભ નિમિત્તમાં, શુભાશુભ રાગમાં, એક સમયની અધૂરી-પૂરી પર્યાયમાં કે ગુણ-ગુણીના ભેદમાં—રોકાયા વિના નિજ અસંગ, અરાગ, પરિપૂર્ણ, અભેદ શુદ્ધાત્મતત્ત્વનો વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો ઉદ્યમ કર્યા કરવો. અહા ! હું જ્ઞાયક છું, હું એક ત્રિકાળી જ્ઞાયક વસ્તુ છું, ધ્રુવ જ્ઞાયક, નિત્ય જ્ઞાયક, સદશરૂપે ત્રિકાળ અવસ્થાયી જ્ઞાયક તે હું છું—એમ અંતરમાં સ્વભાવનો, રુચિ અને જ્ઞાનમાં, નિર્ણય કરવાનો સતત પ્રયત્ન કરવો. ૧.

* શુભ ભાવ પણ પરાશ્રિત વિભાવ પરિણામ હોવાથી આત્માનો સ્વભાવભાવ નથી, તેને ભગવાન આત્માની સુગતિ—સ્વભાવપરિણતિ કહેતા નથી. સમયસારમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે પ્રભુ ! આ શુભાશુભ અધ્યવસાનાદિ ભાવો જીવ નથી—એમ આપે કહ્યું, પરંતુ આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી, છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યા ? તેના જવાબમાં

આચાર્યદેવે કહ્યું છે કે આ શુભાશુભ અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણાદિ કર્મ છે તે બધું ય પુદ્‌ગલમય છે. તે કર્મનું ફળ અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મ-સ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે. તે દુઃખમાં જ આકુળતાલક્ષણ શુભાશુભ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે; તેથી જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્‌ગલસ્વભાવો છે; કર્મજન્ય છે તેથી જડ જ છે. ૨.

* ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે. તેમાં જે ઉત્પાદ-વ્યય છે તે પર્યાય અર્થાત્ વિશેષ તત્ત્વ છે અને જે ધ્રૌવ્ય છે, તે દ્રવ્ય સામાન્ય અર્થાત્ ત્રિકાળી જ્ઞાયક સામાન્ય તત્ત્વ છે. તે સામાન્ય તત્ત્વને બરાબર ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. ધ્રુવ તત્ત્વ એટલે શું ? વર્તમાન જે પર્યાય છે તેના સમીપે, તળમાં ઊંડે વસ્તુનું જે સામર્થ્યભરપૂર દળ પડ્યું છે તે વસ્તુનો ધ્રુવ સ્વભાવ છે; વસ્તુમાં જે ઉપર તરતો ક્ષણિક ભાવ છે તે પર્યાય છે. પર્યાયના લક્ષે રાગ થાય, કલ્યાણ ન થાય. માટે પર્યાય તરફનું લક્ષ છોડી દઈ, ધ્રુવ પરમભાવને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કરવો. સ્વભાવને ખ્યાલમાં લેવો અને તેનો આશ્રય કરવો—બંને એક જ સમયે છે, પણ કથનમાં તો ક્રમ પડે ને ? ચીજ જો ખ્યાલમાં ન આવે તો તેનો આશ્રય કેવી રીતે થાય ? વ્યવહારના રસિયાને આ વાત રુચે નહિ. ભાઈ ! જીવોને વ્યવહારનો રસ અનાદિથી છે, તેઓ પરસ્પર ઉપદેશ પણ એનો જ કરે છે; વળી જિનવાણીમાં નિશ્ચયનો હસ્તાવલંબ જાણી તેનું નિરૂપણ ઘણું છે; પરંતુ તેના આશ્રયનું ફળ તો સંસાર જ છે. માટે વ્યવહારના વિકલ્પ રહિત ધ્રુવ જ્ઞાયક ચીજને ખ્યાલમાં લઈ તેનો આશ્રય કર. વર્તમાન વર્તતી જ્ઞાનની પર્યાયને ધ્રુવ જ્ઞાયક તરફ વાળ. આ કથન પણ અપેક્ષાએ છે, બાકી વર્તમાન જે પર્યાય થઈ છે તેને શું વાળે ? પણ કથન બીજી કઈ રીતે થાય ? નવી ઊપજતી પર્યાયમાં સામાન્ય તત્ત્વનો જે આશ્રય લીધો તેને જ 'પર્યાયને સ્વભાવમાં વાળી' એમ કહેવાય છે. ૩.

* ધ્રુવ ધ્રુવ ધ્રુવ અવિચળ એક જ્ઞાયકભાવ, ત્રિકાળ એકરૂપ સામાન્ય-સ્વભાવ, અપરિણામી દ્રવ્યસ્વભાવ, પરમપારિણામિક ભાવ, ત્રિકાળી સહજ

સ્વભાવ, નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય તે દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ નિમિત્તને, રાગને, અધૂરી પર્યાયને કે ગુણભેદને સ્વીકારતી નથી કેમ કે તેના લક્ષે રાગ ને વિકલ્પ થાય છે. સંગથી ભિન્ન અને સર્વ પ્રકારના ભેદથી રહિત એકલું જ્ઞાયક સત્ત્વ જ તેના વિષયમાં તરવરે છે. ૪.

* અરે! દુનિયા મને માને કે ન માને, દુનિયાની ગણતરીમાં હું ગણાઉં કે ન ગણાઉં, એ વાતનું મારે કાંઈ કામ નથી, મારે તો બસ એક શાશ્વતી શાંતિ જોઈએ છે. આમ તો ભગવાન જ્ઞાયક આત્મા શક્તિ-પણે શાશ્વતી શાંતિનો ધ્રુવ પિંડ છે, પણ પર્યાયમાં અંદર પ્રગટપણે શાશ્વતી શાંતિ જોઈએ છે. શુભાશુભ વિભાવભાવ તો અશાંતિ છે, એ કાંઈ વિશ્રામ-સ્થાન નથી. એમાં તો થાક લાગે છે, કેમ કે તે આત્માનો સહજ શુદ્ધ ભાવ નથી. મારે તો અતીન્દ્રિય પરમ શાંતિની શાશ્વતી ખાણ એવા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માના આલંબને પ્રગટ થતી કાયમી શાંતિ જોઈએ છે.—આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને નિજ ભગવાન આત્માનું સ્વરૂપ કેવું છે તેની યથાર્થ ઓળખાણ કરે, રુચિ કરે, તો સાચી શાંતિ અંતરમાંથી મળ્યા વિના રહે નહિ. ૫.

* દ્રવ્યસામાન્ય—શુદ્ધ એક જ્ઞાયકભાવ—ધ્યાનનો વિષય છે, ધ્યાનનો કરનાર નહિ; ધ્રુવ ધ્યેયને ધ્યાનગત કરનાર તો વર્તમાન નિર્મળ પર્યાય છે. ધ્યાનના ધ્રુવ વિષયમાં ને ધ્યાનપર્યાયમાં જરા નહિ પણ રાતદિવસ જેટલો મોટો ફેર છે. ધ્યેય તો ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય-સામાન્ય છે ને ધ્યાન તો એક સમયનો પર્યાયવિશેષ છે. ધ્રૌવ્ય પ્રત્યેનું જોર દ્રવ્યદૃષ્ટિ છે અને પર્યાય પ્રત્યેનું જોર પર્યાયદૃષ્ટિ છે. એક દ્રવ્યબુદ્ધિ છે ને એક પર્યાયબુદ્ધિ છે. એક સમ્યગ્દૃષ્ટિ છે ને એક મિથ્યાદૃષ્ટિ છે. માટે પર્યાયમાત્રને ગૌણ કરીને દ્રવ્યસામાન્ય—ધ્રુવ જ્ઞાયકભાવ—ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન ને ધર્મ પ્રગટ થાય છે. ૬.

* જેને કેવળ નિજ શુદ્ધ આત્મા પામવાની લગની છે એવા આત્માર્થી જીવને ગુરુના સાન્નિધ્યમાં નિર્માનપણે સેવકપણાની દૃષ્ટિ રહેવી જોઈએ. ગુરુના સત્સંગમાં તેને સ્વભાવનો મહિમા જાગ્રત થયો હોવાથી અંતરમાં

પુણ્યનો ને બહારના જાણપણાનો મહિમા તૂટીને તેમની તુચ્છતા લાગે છે. તેને નિજ શુદ્ધાત્મસ્વભાવની સમજણમાં નિમિત્તરૂપે ઉપકારી એવાં દેવ-શાસ્ત્ર-ગુરુનું માહાત્મ્ય આવે છે. તેમના પ્રત્યે અત્યંત નિર્માનપણે સેવકપણાની બુદ્ધિ રહે છે. હું તો સેવક છું—એ દષ્ટિ રહેવાની સાથે, ગમે તે કાર્ય કરતાં તેને નિરંતર શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ કરવાની ખટકરૂપ આત્માર્થિતા તો રહ્યા જ કરે છે. ૭.

* દેહાદિથી ને રાગાદિ વિભાવોથી ભિન્ન જે નિજ પરમાનંદપિંડ જ્ઞાયકભાવ તેને જેણે રુચિના પોસાણમાં ઉગ્રપણે લીધો તેને જ્ઞાયક તરફ વળવાનો પુરુષાર્થ સહજ લાગે અને જ્ઞાયકસ્વભાવની રુચિની મોળાશને કારણે અંતરમાં વળવાનો પુરુષાર્થ અઘરો લાગે. અંદર જ્ઞાયકસ્વભાવના યથાર્થ લક્ષ વિના, પર અને પર્યાયના લક્ષે 'હું પુરુષાર્થ કરીને આમ કરું ને તેમ કરું'—એ કાંઈ સાચો પુરુષાર્થ નથી, રાગનો પુરુષાર્થ છે. જ્ઞાયક દ્રવ્ય તો અનંત પુરુષાર્થનો પિંડ છે, તેની રુચિ-વાળાને જે અન્તર્મુખ પ્રયત્ન છે તે તો શક્તિના અનંતમા ભાગે છે. જેમ આત્મદ્રવ્યમાં જ્ઞાનાદિ અનંત ગુણોની સાથે એક પુરુષાર્થ નામનો ગુણ સહજ છે તેમ દ્રવ્યસ્વભાવની રુચિની ઉગ્રતામાં પણ કાર્યરૂપ પુરુષાર્થ સહજ છે. સ્વપરના ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાયકની યથાર્થ રુચિ અંતરમાં પ્રબળ હોય તો સ્વભાવ તરફના વલણનો પુરુષાર્થ સહેલો લાગે અને અંતરમાં પરમાનંદકંદ નિજ ભગવાન આત્માની રુચિનું જેને પોસાણ નથી અથવા મંદ છે તેને સ્વભાવની સમજણ તથા તે તરફ વળવું અઘરું લાગે. ૮.

* પોતાનો ત્રિકાળશુદ્ધ જ્ઞાયક આત્મા જ સુખનું ધામ છે. એ સિવાય બીજે ક્યાંય સુખ નથી. સુખ નથી શરીર, સ્ત્રી કે લક્ષ્મી આદિ સંયોગમાં તથા નથી દયા, દાન, ભક્તિ કે વ્રતાદિરૂપ રાગમય ક્ષણિક પરિણામમાં. જેને સાચું સુખ જોઈતું હોય, ધર્મ જોઈતો હોય, તેણે જેમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત આશ્ચર્યકારી નિધિ ભરપૂર ભરી પડી છે એવા નિજ ચૈતન્યપ્રભુ—જ્ઞાયક આત્મા—પ્રત્યે નજર કરવી પડશે. ૯.

* 'પુરુષાર્થ કરવો' એમ જે કહેવામાં આવે છે તેમાં 'પુરુષાર્થ

કરું, પુરુષાર્થ કરું' એવો વિકલ્પ નથી, પણ પરિણામ સ્વભાવસન્મુખ વાળતાં પુરુષાર્થ સહજ થઈ જાય છે. સર્વજ્ઞ પરમાત્મા કહે છે: વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ છે; તેમાં જે ધ્રૌવ્ય છે તે સહજ જ્ઞાનાનંદ આદિ અનંત ગુણસ્વરૂપ ત્રિકાળી સ્વભાવ છે. તેના તરફ રુચિ અને જ્ઞાનનો ઝુકાવ કરવાથી જ્ઞાન સ્વભાવરૂપ પરિણમન થાય. શ્રીમદે કહ્યું છે ને —'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ.' ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો મુક્તિનો માર્ગ શો છે?—વર્તમાન શ્રદ્ધા-જ્ઞાન આદિની પરિણતિને ત્રિકાળી અખંડ ધ્રુવ જ્ઞાયક સન્મુખ કરવી તે. સત્-સ્વભાવ તરફ અખંડ વૃત્તિ કરીને હે ભવ્ય! જિનનો મૂળ મારગ સાંભળો. અનંત જીવો સ્વસન્મુખતાનો અંતરમાં પુરુષાર્થ કરી, સહજ જ્ઞાનાદિ સ્વભાવે ઊપજી, વિષયાનુરાગ કે દયા-દાન આદિ ધર્માનુરાગને — અશુભ તેમ જ શુભભાવરૂપ વિભાવને — ટાળી, પૂર્ણ પરમાત્મદશાને પામ્યા છે; માટે જો તારે પરમાત્મા થવું હોય તો તું પણ પુરુષાર્થ કર. ૧૦.

* જેને સમસ્ત શુભાશુભ વિભાવથી રહિત એવા નિજ વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુનો અંતરમાંથી મહિમા પ્રગટ થયો છે તેને જ જિનેન્દ્ર ભગવાનનો સાચો મહિમા હોય છે. પોતાનું ચૈતન્ય પકડાયા વિના કેવળ બહારનો મહિમા—તીર્થંકર જિનેન્દ્રભગવાનનો પુણ્યાતિશય એવો હોય છે કે પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ઉજ્જવળ કરે છે, પોતાના ઉપશાન્તરસઝરતા તેજ વડે કરોડો સૂર્યનાં તેજને ઢાંકી દે છે-ફિક્કો બનાવી દે છે, પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, દિવ્યધ્વનિથી ભવ્યોના કાનમાં સાક્ષાત્ સુખામૃત વરસાવે છે અને એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે, ઇત્યાદિ બહારની ભક્તિ—કરે તો શુભભાવ થાય, પણ તે બહિર્લક્ષી શુભરાગ કાંઈ તરવાનો ઉપાય નથી. ખરેખર તો અંદર નિજ જ્ઞાયક ભગવાનનો જેને નિશ્ચય મહિમા આવ્યો છે તેને જ ભગવાનનો સાચો વ્યવહાર-મહિમા હોય છે. ૧૧.

* જેમને મહાવ્રત આદિ અઠ્ઠાવીસ મૂળગુણના પરિણામ પણ, તે શુભરાગ હોવાથી, દુ:ખદાયક લાગે છે, જે પોતાના આનંદકંદ ચૈતન્ય-

સ્વરૂપની પરિણતિમાં અતીન્દ્રિય આનંદને ઉગ્રપણે જુએ છે—અનુભવે છે, એવા વનવાસી નગ્ન દિગંબર ભાવલિંગી મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિ ષટ્-આવશ્યકમાં માંડ માંડ જોડાય છે. પ્રતિક્રમણ, દેવ-ગુરુવંદના વગેરેના શુભ વિકલ્પ અસ્થિરતાને લીધે કમજોરીથી આવે છે, પણ અંતરમાં રાગનો રાગ નહિ હોવાથી તેના કર્તૃત્વનો ઉત્સાહ નથી, લાચારીથી નબળાઈના ભાવે માંડ માંડ જોડાય છે. ૧૨.

* કોઈ પણ જીવને જ્ઞાનાનંદસ્વભાવી આત્મા તરફનો—સ્વસન્મુખતાનો પુરુષાર્થ કર્યા વિના કદી પણ ભવનો અંત આવવાનો જ નથી. પુરુષાર્થ અર્થાત્ પ્રયત્ન છે તો વર્તમાન એક સમયની પર્યાય, પણ તે પર્યાયની સમીપ અંદર આત્મામાં અનંત અનંત પુરુષાર્થનો પિંડ—વીર્ય નામનો ગુણ—સદા વિદ્યમાન છે. આત્મસ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ બધા આત્મામાં છે. સમ્યગ્દર્શન, આત્મરમણતા, આનંદ, શાન્તિ આદિ અનંત સ્વભાવશુદ્ધતાની રચના કરવી તે વીર્ય અર્થાત્ પુરુષાર્થશક્તિનું કાર્ય છે. પુણ્ય-પાપની રચના કરે તે તો નપુંસકતા છે; તેને સ્વભાવવીર્ય કહેતા નથી. સમયસારમાં કહ્યું છે કે પરમાર્થભૂત નિજ આત્માને નહિ જાણતા એવા અજ્ઞાની જનો, નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, બહુ પ્રકારે પરને—શુભાશુભ વિભાવને—પણ આત્મા માને છે. દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા એવા તે અજ્ઞાની જીવો, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ ભાવને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ વગેરે શુભ ભાવો પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે. આ વાત ન સમજાય એટલે લોકો ભડકે, પણ શું થાય? ભાઈ! અશુભ ભાવની જેમ શુભ ભાવ પણ સ્વભાવવીર્ય નથી, સ્વભાવની જાત નથી, એ પણ નપુંસકતા છે. શુભ ભાવથી ધર્મ માનવો એ તો વળી મિથ્યાત્વની અનંતી નપુંસકતા છે. ૧૩.

* પ્રતિકૂળ સંયોગ હો કે અનુકૂળ, પણ 'હું અંતરમાં આનંદમૂર્તિ વિજ્ઞાનઘન શાશ્વત પરમ પદાર્થ છું' એવી દૃષ્ટિ છોડવી નહિ. પોતાના

જ્ઞાયકપ્રભુની જો દૃષ્ટિ છૂટી તો ધર્મ ગયો. ગમે તેવી પરિસ્થિતિમાં સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માએ બતાવેલા નિજ જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ છોડીશ નહિ. જેને રુચિમાં કેવળ નિજ જ્ઞાયક આત્માનું પોસાણ થયું છે તેણે તેની રુચિ છોડવી નહિ. વેપારીને ત્રણ રૂપિયાના માલના સાડા ત્રણ ઊપજે તો તે માલ વેચવો પોસાય, પણ તેના અઢી રૂપિયા ઊપજે તો પોસાય નહિ — વાણિયા એવા ધંધા ન કરે; એ રીતે જેને ભગવાન આત્મામાં રાગ તેમ જ એક સમયની પર્યાય પણ પોસાતી નથી, માત્ર ત્રિકાળી પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયકભાવનું જ પોસાણ થઈ ગયું છે તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય—નિર્જન વન હોય, પાણી કે આહાર મળે નહિ, દુષ્કાળ હોય, આખી દુનિયા દુશ્મન થઈ જાય—તોપણ પોતાના ધર્મને છોડવો નહિ, જ્ઞાયકસ્વભાવની રુચિને છોડવી નહિ. ૧૪.

* આવડત ભાળીને લોકો જન્મજયંતી ઊજવે, પગે પૈસા મૂકે, અભિનંદન આપે, અરે બાપુ! તું એમાં મરી જઈશ. સમજાણું કાંઈ? આકરું કામ બાપા! બહુ આકરી વાત છે. ભાઈ! એ બધેથી દૂર રહેવું હિતાવહ છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. મને કોઈ ઓળખે, મને કોઈ માને તો મારી સાચી વાત બહાર આવે, ભાઈ! એ બધા માનના ભાવ છે. ૧૫.

* જ્ઞાયકસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, ત્રિકાળી પદાર્થસ્વરૂપ, ધ્રુવ તત્ત્વસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન ભગવાન આત્મા તે, કર્મનાં નિમિત્તથી, કર્મના અનેક પ્રકારના વિપાકમાં ગમે તેવા શુભ કે અશુભ ભાવ થાય તોપણ, પોતાના પારિણામિક મૂળ શુદ્ધ સ્વભાવથી ચલિત થતો નથી; વિકારકાળે પણ પોતાનો સામર્થ્યભરપૂર ધ્રુવ સ્વભાવ એવો ને એવો ટંકોત્કીર્ણ શુદ્ધ રહે છે. જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોના સામર્થ્યથી સદા પરિપૂર્ણ એવા નિજ જ્ઞાયકભાવનું જેને ભાન થયું છે એવા જ્ઞાનીને કર્મના વિવિધ ઉદયકાળે પોતાની પર્યાયમાં અસ્થિરતાજનિત શુભાશુભ વિભાવભાવ હોય, કદાચિત રૌદ્રધ્યાન પણ થઈ આવે, તોપણ 'હું દ્રવ્ય-સ્વભાવે દેહાદિ પરથી તદ્દન ભિન્ન અને શુભાશુભ વિકારથી રહિત શુદ્ધ જ્ઞાયકતત્ત્વ છું' એવી દ્રવ્યદૃષ્ટિથી તે જરા પણ ચલિત થતો નથી. વસ્તુ

તો પોતાના મૂળ શુદ્ધ ધ્રુવ સ્વભાવથી કદી ચલિત નથી જ, પરંતુ વસ્તુ-દૃષ્ટિવંત પણ, ભલે તેને અશુભભાવ આવી જાય તોપણ, વસ્તુસ્વભાવથી—જ્ઞાયકભાવથી — ચલિત થતો નથી. ૧૬.

* ભગવાન આત્મા દ્રવ્ય-અપેક્ષાએ ધ્રુવ....ધ્રુવ....ત્રિકાળ ધ્રુવ છે. તત્ત્વાર્થસૂત્રમાં '**उत्पादव्यय-ध्रौव्ययुक्तं सत्**' આવે છે ને? તેમાં ઉત્પાદ-વ્યય તે પર્યાય-અપેક્ષાએ છે અને ધ્રૌવ્ય તે દ્રવ્ય-અપેક્ષાએ છે. ધ્રૌવ્ય પણ દ્રવ્યાર્થિક-દ્રવ્ય કહેવાય છે. 'દ્રવ્ય' શબ્દ બે અર્થમાં વપરાય છે: (૧) પ્રમાણના નયનો વિષય હોવાથી વિષયભૂત દ્રવ્ય-પર્યાયાત્મક આખી વસ્તુના અર્થમાં, અને (૨) પર્યાય તેમ જ ગુણભેદને ગૌણ કરીને દ્રવ્યાર્થિકનયના વિષયભૂત ત્રિકાળી અભેદ ધ્રુવ સ્વભાવના અર્થમાં. અહીં એમ કહે છે કે જે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા છે તે, રાગ ને પર્યાય વગેરેના ભેદને ગૌણ કરીને, 'હું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય-સામાન્ય — એક શુદ્ધ જ્ઞાયકભાવ — છું' એમ માને છે. 'હું ધ્રુવ જ્ઞાયક છું' એવો સ્વીકાર પોતાની પર્યાયમાં થાય છે; કેમ કે કાર્ય હંમેશાં પર્યાયમાં જ થાય, ધ્રૌવ્યમાં નહિ. પોતાના જ્ઞાયકભાવરૂપ ધ્રૌવ્યાંશના ધ્યાનસ્વરૂપ કાર્ય પણ પોતાની પર્યાયમાં જ થાય છે, તેથી પર્યાય દ્વારા જીવ અર્થાત્ ધ્યાતાપુરુષ એમ ધ્યાવે છે કે 'હું ધ્રુવ શુદ્ધ જ્ઞાયક ભાવ છું'. અહા! આવી વાતો છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકો — બિચારાને સાંભળવા મળ્યો નથી; અજૈનપણાને જૈનપણું માનીને જિંદગી ચાલી જાય છે. ૧૭.

* અંતરમાં શુદ્ધ ચૈતન્યઘન — શુદ્ધ વિજ્ઞાનઘન એવા નિજ ભગવાન આત્મા સાથે પ્રયોજન રાખ — હેત બાંધ; અને બહારમાં, જો વિકલ્પ આવે તો, સાચાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, બીજા સાથે તારે શું પ્રયોજન છે? સ્ત્રી, પુત્ર, લક્ષ્મી ને બંગલા સાથે પ્રભુ! તારે શું કામ છે? પ્રજાને રાજા સાથે અને રાજાને પ્રજા સાથે શું પ્રયોજન છે? અંતરમાં પૂર્ણાનંદનો નાથ એવા નિજ જ્ઞાયક પ્રભુ સાથે પ્રયોજન રાખ, તેની સાથે પરિણતિના પ્રવાહને જોડી દે, જેથી તને કોઈ અપૂર્વ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે. ૧૮.

* ધર્મી જીવને દૃષ્ટિમાં નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના આશ્રયની હંમેશાં મુખ્યતા હોવા છતાં પણ ભૂમિકાનુસાર જિનેન્દ્રભક્તિ, ગુરુસેવા, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેના શુભ ભાવ આવે છે. 'હે જિનેન્દ્રદેવ! હું ગમે તે સ્થળે હોઉં—દેવમાં હોઉં કે મનુષ્યમાં હોઉં—પણ પુનઃ પુનઃ મને આપનાં ચરણકમળની ભક્તિ હો!'—એવા શુભ ભાવ જ્ઞાની મુનિરાજોને પણ આવે છે; એવા શુભ ભાવ આવતા હોવા છતાં અંતરમાં તેમની મુખ્યતા એક ક્ષણ પણ થતી નથી; મુખ્યતા તો નિરંતર આત્માની જ રહે છે. અંતરમાં દૃષ્ટિ ધ્રુવ જ્ઞાયક ઉપર જ છે, ત્યાંથી જરા પણ ખસતી નથી. ૧૯.

* વિકલ્પજનિત બહારની મજામાં જીવ પોતાની કલ્પનાથી સુખ માને છે, તે તો ઇંદ્રિયના સંબંધવાળું કાલ્પનિક સુખ છે. શું ભોગમાં સુખ છે? આબરૂ, પૈસા કે બંગલામાં સુખ છે? લોકો તો બહારની અનુકૂળતામાં 'સુખી છીએ' એમ માને, પણ એ બહારની ચીજોમાં તારું સુખ છે? અહા! પોતાની વિભૂતિનો અનુભવજનિત જે અતીન્દ્રિય આનંદ તેની પાસે વિભાવના આનંદની — સુખાભાસની કોઈ કિંમત નથી. વિકારી આનંદ — સુખની કલ્પના કે બહારની કોઈ વસ્તુ સાથે સ્વાનુભવજનિત અતીન્દ્રિય આનંદનો કોઈ મેળ નથી. અબજોપતિ છે, મોટો રાજા છે, કરોડોની ઊપજવાળો છે માટે એ સુખી છે? ના, ના; જેને આત્માની દૃષ્ટિ પ્રગટ નથી, નિજ ધ્રૌવ્યનું શરણ પ્રાપ્ત થયું નથી તે ધૂળેય સુખી નથી, બધા ભિખારા છે, રાંકા છે. જેણે આત્મઋદ્ધિનું ધ્યાન કરીને સ્વાનુભૂતિ પ્રગટ કરી છે તે જ સાચો બાદશાહ છે — સુખી છે. તેના અતીન્દ્રિય સુખનો જગતના સુખાભાસ સાથે કોઈ મેળ નથી, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી. ૨૦.

* દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન જાણે છે કે હજુ પર્યાયમાં અશુદ્ધતા છે, કર્તૃનયે એનો કર્તા હું જ છું, જેટલો રાગ છે તેનો ભોક્તા પણ હું છું; રાગના કાળે જે દુઃખનું વેદન છે તેને પણ જ્ઞાન જાણે—આમ જ્ઞાનમાં બધા ભેદો ખ્યાલમાં આવવા છતાં દૃષ્ટિનો વિષય તો સદાય એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી. ત્રિકાળી અભેદ નિષ્ક્રિય ચૈતન્યપિંડ

કે જેમાં કોઈ જાતનું હલન-ચલન — પરિણમન — નથી. સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાનની પર્યાય નથી એવા ધ્રુવ જ્ઞાયક તત્ત્વને સ્વીકારનારી દૃષ્ટિ સાથે રહેલું જ્ઞાન ભેદ-અભેદને, શુદ્ધ-અશુદ્ધને—બધાંને જાણે, છતાં અંતરમાં દૃષ્ટિનો વિષય તો — જે સદા એક ધ્રુવ તત્ત્વ છે તે — કદી ખસતો નથી. ૨૧.

* દૃષ્ટિ કેવળજ્ઞાનની પર્યાયને પણ સ્વીકારતી નથી, કેમ કે પર્યાય છે તે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. જેના આલંબને કેવળજ્ઞાન ને પરમાત્મ-દશા પ્રગટ થાય છે એવો જે પરમાત્મસ્વભાવ તેનો જ્યાં આશ્રય લીધો ત્યાં દૃષ્ટિ સમ્યક્ થઈ, અને તે સાથે વર્તતું જે જ્ઞાન છે તે પણ સમ્યક્ થયું. સાથે વર્તતું તે જ્ઞાન ધ્રુવ સ્વભાવને જાણે, ગુણના ભેદને જાણે, પર્યાયને જાણે, અશુદ્ધતા થાય એને પણ જાણે—બધાંનો વિવેક કરે, જાણવાનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે માટે બધું જાણે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી. ૨૨.

* અહા! મુનિદશામાં વર્તતા નાના નાના રાજકુમાર, નાનકડો દેહ અને હાથમાં મોરપીંછી ને નાનું કમંડળ! જંગલમાં — અસંગદશાને સાધવા અસંગપણે અસંગમાં — હૃદયને ભયથી ધ્રુજાવી નાખે એવી ભયંકર સિંહ ને વાઘની ત્રાડો વચ્ચે નિર્ભયપણે અંદર આનંદની મસ્તીમાં ચાલ્યા જતા હોય! શી અદ્ભુત એ મુનિદશા! એ રાજકુમારોને ખ્યાલ છે કે—પૂર્ણ અસંગ દશા, પરિપૂર્ણ પરમાનંદદશા એક જ્ઞાયક સ્વભાવના આશ્રયે જ પ્રગટ થશે. ૨૩.

* સર્વજ્ઞ પરમેશ્વરે નવ તત્ત્વ કહ્યાં છે. તેમાં શરીર, વાણી, કર્મ તો અજીવતત્ત્વ છે, હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, પરિગ્રહસંચયની ભાવના, ક્રોધાદિ કષાયો વગેરે પાપતત્ત્વ છે, દયા, દાન, નામસ્મરણ, પૂજા-ભક્તિ વગેરે પુણ્યતત્ત્વ છે—એ સર્વથી ભિન્ન જ્ઞાયક આત્મા અંદર એવો ને એવો પરિપૂર્ણ શુદ્ધ પદાર્થ છે. આત્મવસ્તુ સ્વભાવે તો અત્યારે જ પરિપૂર્ણ નિર્મળ છે; 'નિર્મળ થઈશ' એમ નહીં, પણ વર્તમાન જ હું સામર્થ્ય-અપેક્ષાએ પૂર્ણ શુદ્ધ છું. 'શુદ્ધ થાય' એ તો વ્યક્ત પર્યાય-અપેક્ષાની વાત છે. ઝીણી વાત છે ભાઈ! જીવને, અનંત કાળમાં

સમ્યગ્દર્શન—આત્મદર્શન શી ચીજ છે એની ખબર જ નથી. એમ ને એમ ઓઘે ઓઘે પૂજા-ભક્તિ ને વ્રતાદિ કર્યાં કરે, પણ એ તો બધી રાગની ક્રિયા છે, બંધનના ભાવ છે, એનાથી તો સંસાર જ ફળે છે. ૨૪.

* गुरु गोविन्द दोनू खड़े, किसकुं लागूँ पाय ।
बलिहारी गुरुदेवकी, आतम दियौ बताय ।।

રાગ ને વિકલ્પના સંબંધ રહિત અંતરમાં જે નિર્દોષ ને નિરાવરણ પૂર્ણાનંદ ચૈતન્ય પ્રભુ તેનું ભાન પ્રત્યક્ષ વર્તતા ગુરુદેવે કરાવ્યું, માટે પરોક્ષ ગોવિંદ કરતાં હું મારા સાક્ષાત્ ગુરુને વિશેષ ઉપકારી માનું છું. અહા ! એ ગુણસમુદ્ર ભગવાન આત્મા શી ચીજ છે તેનું જીવને લક્ષ નથી, પણ અનાદિથી વર્તમાન એક સમયની પર્યાય ઉપર જ લક્ષ છે. ગુણસમુદ્ર ભગવાન આત્મા કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેને પ્રથમ લક્ષમાં લે, ધ્યેય બનાવે તો સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ થાય. તેમાં નિમિત્ત તરીકે ગુરુ છે. ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર—જ્ઞાન, આનંદ, શાન્તિ, સ્થિરતા વગેરે અનંત ગુણોનો દરિયો—એવો નિજ જ્ઞાયક આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. અંતર્મુખ દૃષ્ટિ થઈ છે પોતાના ઉપાદાનથી, પણ સાથે અંતરમાં ઉપકારી ગુરુ પ્રત્યે પોતાની નિર્માનતા હોય છે; તેથી ગુરુએ 'ગુણસમુદ્ર આત્મા બતાવ્યો' એમ નિમિત્તથી કહેવામાં આવે છે. ૨૫.

* ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ ગુણરત્નાકર આત્મા પ્રગટ થવાનું નિમિત્ત થાય છે. આ કથન નિમિત્તની અપેક્ષાનું છે. ખરેખર તો ગુણરત્નાકર આત્મા પ્રગટવાનું ઉપાદાન કારણ તો આત્મા પોતે જ છે. ભગવાન આત્મા અનંત અનંત ગુણોથી સદા ભરપૂર ચૈતન્યસમુદ્ર છે. રાગ ને વિકાર કે દયા-દાન આદિના વિકલ્પનો સમુદ્ર તે આત્મા નથી, પણ સહજજ્ઞાન, સહજઆનંદ આદિ અનંત અનંત ગુણોનો સાગર તે નિજ જ્ઞાયક આત્મા છે. જેમ ક્ષેત્રનો—અલોકાકાશનો—ક્યાંય છેડો નથી તેમ ગુણસમુદ્ર ભગવાન આત્માના ગુણોનો પણ કોઈ પાર નથી. દરેય

દિશાનાં બધેય આકાશ છે. આકાશના જેટલા ભાગને એક પુદ્ગલપરમાણુ રોકે તેને પ્રદેશ કહે છે. આકાશને એવા પ્રદેશો અનંત છે. આકાશના અનંત પ્રદેશો કરતાં પણ આત્માના જ્ઞાનાદિ ગુણો અનંતગુણા અનંત છે. આત્માનો એ બધો વૈભવ અંદર ભરચક ભર્યો છે, પણ જીવને તેની ખબર નથી. આવો ગુણસમુદ્ર ભગવાન આત્મા અરિહંત પરમાત્માને તો પર્યાયમાં પ્રગટ થઈ ગયો છે, પણ શક્તિ-અપેક્ષાએ તો બધાનો આત્મા આવો જ છે—સર્વ જીવ છે સિદ્ધ સમ. નિર્માનપણે ગુરુ પ્રત્યે સેવકપણાનો ભાવ આવો ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. ૨૬.

* આત્મા જ્ઞાનપણે છે માટે તદ્રૂપ અને જ્ઞેયપણે નથી માટે અતદ્રૂપ—આમ વસ્તુમા વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ-નાસ્તિ, એક-અનેક, નિત્ય-અનિત્ય આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું હોવાપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વશક્તિ; એ પ્રમાણે તત્ત્વશક્તિ, અતત્ત્વ-શક્તિ, ભાવશક્તિ, અભાવશક્તિ, ભાવ-અભાવશક્તિ, અભાવ-ભાવશક્તિ, ભાવ-ભાવશક્તિ ને અભાવ-અભાવશક્તિ તથા પોતાનો ભાવ પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી—એવા સંબંધમયી સંબંધશક્તિ ઇત્યાદિ અનંત શક્તિઓ ચૈતન્યપ્રભુનો વૈભવ છે. દૃષ્ટિ ગુણભેદને દેખાતી નથી પણ સાથે વર્તતું જ્ઞાન બધો વિવેક કરે છે. 'આ પર છે, આ પરિપૂર્ણ અભેદ એકરૂપ સ્વદ્રવ્ય છે, આ જ્ઞાનાદિ ગુણો છે ને આ શુદ્ધ કે અશુદ્ધ પર્યાય છે' એમ જ્ઞાન જેમ છે તેમ બરાબર જાણે છે, તોપણ દૃષ્ટિનો વિષય તો સદા અભેદ એક ધ્રુવ જ્ઞાયક જ છે, તે કદી છૂટતો નથી ૨૭.

* ભગવાન આત્મા સમસ્ત શુભાશુભ વિભાવોથી રહિત ચિદાનંદકંદ નિર્વિકલ્પ શાન્તિનો સાગર છે. જેણે અંતર્મુખ દૃષ્ટિ કરીને, શાન્તિના સાગરને બરાબર ઓળખીને, તેનો અંશે સ્વાદ ચાખ્યો છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન થતાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. સ્વાનુભૂતિમાં અનંતગુણસાગર આત્મા પોતાના શાન્તિ ને આનંદાદિ ગુણોની કોઈ અદ્ભુત સ્વાભાવિક પર્યાયોમાં રમતો વેદાય છે. જેને શાન્તિનો સાગર અંશે પણ વેદનમાં આવ્યો છે તેને શુભરાગ પણ પાલવતો નથી. ૨૮.

* સમયસારની ૩૮ મી ગાથાની ટીકામાં કેવું આવ્યું છે! વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં શ્રોતા સમજીને કહે છે કે—આમ સર્વથી જુદા એવા નિજ સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો, એમ પ્રતાપવંત વર્તતા એવા મને કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને—ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. ૨૯.

* અંદર ચૈતન્યસ્વભાવના ભાન વિના જીવે અનંત વાર દિગંબર મુનિવ્રત ધારણ કર્યાં, હજારો રાણીઓનો ત્યાગ કર્યો, પણ ભાઈ! એ તો બધી રાગની ક્રિયા છે; આ ભગવાન જ્ઞાયક સાથે તેનું એકત્વ નથી. છતાં જીવે વિભાવ સાથે એકત્વ માન્યું છે. તે એકત્વ તોડવાનું છે, રાગની ક્રિયાથી ભિન્ન થઈ—અધિક થઈ નિજ જ્ઞાયકદેવના મહિમારૂપે અંતરથી પરિણમે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. અંદર જ્ઞાયકતત્ત્વનું યથાર્થ લક્ષ થયા વિના—અંતરમાં નિજ ચૈતન્યપ્રભુનો મહિમા આવ્યા વિના—સમવસરણમાં ત્રિલોકનાથ સાક્ષાત્ તીર્થંકર ભગવાનની મણિરતનના થાળ અને કલ્પવૃક્ષનાં ફળ વડે ભક્તિ અનંત વાર કરી, રત્નોના દીવડાથી ભગવાનની આરતી અનંત વાર ઉતારી, પણ તેથી શું ? જ્યાં સુધી શુભરાગનો મહિમા છે ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે, અનંત સંસારમાં રઝળનાર પ્રાણી છે. શુભરાગરૂપ છોતરાંથી ભિન્ન અંદર જે ચૈતન્ય જ્ઞાયકદેવ છે તેમાં દૃષ્ટિ લગાવવાથી, તેનો અંતરથી મહિમા કરવાથી સમ્યગ્દર્શન વગેરે આત્મધર્મ પ્રગટ થાય છે; ચૈતન્યની અંતર્મુખ પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી ભવસમુદ્ર તરાય છે. ૩૦.

* મુનિરાજનો નિવાસ શરીર ને રાગાદિ વિભાવ નથી, પણ અશરીરી અને અરાગસ્વરૂપ નિજાનંદધામ છે. તેઓ નિજાનંદધામમાં, જ્ઞાનાદિ અનંત અનંત ગુણસમૃદ્ધિથી ભરેલા ભગવાન નિજ ચૈતન્યસ્વભાવમાં, વધુ લીન થતાં થતાં પૂર્ણ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે. અંતરમાં જે પ્રગટ 'મહાવ્યક્ત' ટંકોત્કીર્ણ શાશ્વત ચૈતન્યધામ છે તેમાં વસેલા મુનિરાજ

અંદર વિશેષ વિશેષ એકાગ્ર થતાં થતાં સાતિશય અપ્રમત્તદશા પ્રગટ કરી, ક્ષપકશ્રેણી માંડીને ૧૨મા ગુણસ્થાને પહોંચો જાય છે, સંપૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત કરે છે. ૩૧.

* જેમ મંત્રથી સાપનું ઝેર ઉતારે છે ને, તેમ જીવને જે રાગની એકતાનાં ઝેર અનાદિથી ચડી ગયાં છે તેને ઉતારવાના આ અનુપમ મંત્રો છે. આચાર્યદેવ જીવને 'ભગવાન' તરીકે જ બોલાવે છે. પુણ્ય-પાપના ભાવ તો અશુચિ, જડ ને દુઃખરૂપ છે અને ભગવાન આત્મા તો સદા પવિત્ર, વિજ્ઞાનઘન ને સુખરૂપ છે. આનંદમૂર્તિ વિજ્ઞાનઘન નિજ આત્મ-દ્રવ્યના આશ્રયે પર્યાયમાં જે નિર્મળતા પ્રગટે તે ધર્મ છે. શાંતિની પર્યાય, વીતરાગતાની પર્યાય પ્રગટવા છતાં ધર્મી એ પર્યાયોમાં રોકાતા નથી, એમનું જોર તો ત્રિકાળી ધ્રુવ વસ્તુ પર છે. સમુદ્રમાં જે ભરતી આવે છે તેને ન જો, પણ તે ભરતી જ્યાંથી આવે છે તે મધ્યબિંદુ પર નજર કર; તેમ આત્માને પર્યાયમાં નિર્મળતાની જે ભરતી આવે છે—પર્યાયમાં શુદ્ધિ ને તેની વૃદ્ધિ થાય છે—તેને ન જો—તેમાં જ્ઞાની અટકી જતા નથી—પણ પર્યાયમાં નિર્મળતાની ભરતી આવવા માટે જે મધ્યબિંદુ—સામર્થ્ય-પરિપૂર્ણ નિજ જ્ઞાયક ભગવાન આત્મા—તેને જો, તેનું અવલંબન લે. અહા! જિનેશ્વરદેવે ફરમાવેલા ધર્મનું સ્વરૂપ આ છે. ૩૨.

* નિત્યાનંદસ્વરૂપ ભગવાન જ્ઞાયક પ્રભુ ચૈતન્યદોરો સ્વભાવે શુદ્ધ તેમ જ સરળ હોવા છતાં તેને અનાદિથી પર્યાયમાં રાગના એકત્વની ગૂંચ પડી ગઈ છે. ચૈતન્યદોરો સ્વભાવે ચૈતન્ય....ચૈતન્ય. ..જ્ઞાયકસ્વરૂપ, સરળ ને શુદ્ધ છે; તેમાં 'શુભ ને અશુભ રાગ તે મારું સ્વરૂપ છે' એવી અનાદિથી જે આંટી–વક્રતા–ગાંઠ પડી ગઈ છે તેને, ચૈતન્યસ્વભાવનો પત્તો લગાવીને ધીરજપૂર્વક અંતર્મુખ પુરુષાર્થ વડે ઉકેલવાની છે. ચૈતન્યસત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે—અંતરમાં નિત્ય પ્રકાશમાન શુદ્ધ ચૈતન્યપ્રભુ શાશ્વત બિરાજે છે; પણ તેને અનાદિથી પર્યાયમાં જે શુભાશુભ રાગના એકત્વની ગાંઠ પડી ગઈ છે તે ઉકેલવાની છે. ૩૩.

* મતિ-શ્રુતની પર્યાય અનાદિથી જે બહાર તરફ ઢળી ગઈ છે તેને મર્યાદામાં લાવીને સ્વભાવ તરફ લઈ જા, તો અંદર જે ચૈતન્ય જ્ઞાયક

પ્રભુ પડયો છે તે દષ્ટિગત થશે અને અનાદિ રાગ સાથેના એકત્વની ગૂંચ ઉકેલાઈ જશે. અહા! સમયસાર તો મોટો દરિયો છે. શી તેની એક-એક ગાથા! ને શું તેનું એક-એક પદ! જગતનાં ભાગ્ય કે આવું મહાન પરમાગમ રહી ગયું. સન્તોને વિકલ્પ આવ્યો ને એ રચાઈ ગયું. ૩૪.

* પ્રવચનસારમાં આવે છે: પ્રચંડ કર્મકાંડથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થાય છે. ભાઈ! એનો અર્થ શો છે? શું શરીરની ક્રિયા કે શુભ-રાગથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થાય? શરીરની ક્રિયા તો અજીવતત્ત્વ છે, અંતરમાં આત્માશ્રિત વર્તતી શુદ્ધિની સાથે મેળવાળો ભૂમિકાનુસાર શુભરાગ આસ્રવતત્ત્વ છે—પુણ્યાસ્રવ છે. શુભરાગથી અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ થઈ શકે નહિ. જેનાથી જુદું પડવું છે તેના આશ્રયે અંતરમાં જઈ શકાય નહિ; ને અંતરમાં ગયા વિના અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ બની શકે નહિ. બહારના કર્મકાંડ જીવે અનંત વાર કર્યા છે, છતાં જ્ઞાનની પ્રાપ્તિ કેમ થઈ નહિ?....તો પછી એનો અર્થ શો સમજવો? ભાઈ! પ્રવચનસારમાં ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. જેને પ્રચંડ કર્મકાંડ વર્તે છે તે જીવને અંતરમાં દેહ ને રાગથી ભિન્ન નિજ ચેતનપદાર્થની પ્રતીતિ ને જ્ઞાનમાં તેનો આશ્રય તો પ્રગટ થયો છે, સ્વરૂપસ્થિરતા ઓછી હોવાથી તેને શુદ્ધિ સાથે વ્યવહારરત્નત્રયના વિકલ્પોરૂપ કર્મકાંડ વર્તે છે. તે પ્રચંડ કર્મકાંડથી અખંડ જ્ઞાનકાંડ (—અભેદરત્નત્રય) પ્રચંડ થાય છે તે કથન વ્યવહાર નિમિત્તનું છે; તેનો મર્મ એમ છે કે—પ્રચંડ કર્મકાંડ (—ભેદરત્નત્રય) સાથે અંતરમાં વર્તતી શુદ્ધિ પ્રચંડ થવાથી અખંડ જ્ઞાનકાંડ (—અભેદ-રત્નત્રય) પ્રચંડ થાય છે. ત્યાં જ્ઞાનીના ભેદરત્નત્રયરૂપ વ્યવહારને કર્મકાંડ કહ્યો છે, અજ્ઞાનીના ક્રિયાકાંડની વાત નથી. ૩૫.

* પોતે અનંત ચૈતન્યમય ગુણસમૃદ્ધિથી ભરચક ભરેલો હોવા છતાં, પરથી મને સુખ થશે, રાગથી કલ્યાણ થશે એમ બહારમાં ભીખ માગે છે. અરે પ્રભુ! એ ભિખારાવેડા છોડી દે. જ્ઞાયકભાવ, સત્યાર્થભાવ, એકરૂપ સાદૃશ્યભાવ એવા ભગવાન નિજ ચૈતન્યપદાર્થને યથાર્થ લક્ષગત કરી તેનો આશ્રય કર, તો તને શક્તિમાંથી પર્યાયમાં અનંત અદ્‌ભુત આત્મિક

વિભૂતિ પ્રગટ થશે. ભાઈ! શુભાશુભ ભાવ અનંત વાર કર્યા, પણ હજુ નિજ જ્ઞાયક ભગવાન હાથ આવ્યો નહિ. માટે હવે વિભાવનું લક્ષ છોડી આત્માનો અપૂર્વ આશ્રય કર. ૩૬.

* સહજ જ્ઞાન ને આનંદ આદિ અનંત સમૃદ્ધિથી ભરચક જ્ઞાયકદેવ અંતરમાં બિરાજે છે ત્યાં તારું ધ્યાન લગાડી દે. અરેરે! જીવને પોતાનું હિત કરવા માટે નવરાશ નથી. ૨૪ કલાકમાંથી ૨૨ કલાક તો વેપાર ને વિષયમાં જાય; એક-બે કલાક માંડ વખત મળે ને સાધુ પાસે સાંભળવા જાય, ત્યાં 'આ કરો ને તે કરો' એમ ઊંધી વાતોમાં એનો વખત લુંટાઈ જાય. અહા! આ વાત જરા આકરી છે; જન્મ-મરણનો અંત લાવવાની આ વાત છે. ભાઈ! અનાદિ કાળથી જન્મ-મરણનાં દુઃખ સહન કરીને તું હેરાન-હેરાન થઈ ગયો, હવે તો એ ભયંકર દુઃખોથી છૂટવાનો આરો શોધ! સર્વ વિભાવથી રહિત અંદર આનંદનો નાથ જ્ઞાયકદેવ બિરાજે છે તેને ઓળખીને ગ્રહણ કર, ત્યાં તારું ધ્યાન લગાડી દે, તારાં દુઃખોનો અંત આવી જશે. ૩૭.

* 'ભગવાન આત્મા નિજરાજસ્વરૂપ છે'—એમ ગુરુમુખે સાંભળ્યું ને ચડી ગયો સ્વભાવમાં, અંતરમાં સ્વરૂપની ખુમારી ચડી ગઈ, સ્વભાવમાં સમાઈ ગયો. જેમ અફીણિયાને અફીણનો કેફ ચડી જાય છે, તેમ સ્વભાવનું યથાર્થ ગ્રહણ થતાં અંદર સ્વરૂપ-પ્રાપ્તિની ખુમારી ચડી જાય છે. હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્યઘન છું—એવા સ્વરૂપ-સન્મુખતાના જે પરિણામ થયા, સ્વરૂપમાં જતાં જે મસ્તી ચડી ગઈ, તે પરિણામને 'શુદ્ધ' કહેવામાં આવે છે. શુદ્ધ કહો, મોક્ષનો માર્ગ કહો, સુખ કહો કે જૈનધર્મ કહો—બધું એક જ છે. ૩૮.

* આવડતના રસ્તે ચડવું એ તો વિભાવના રસ્તે ચડવા જેવું છે. શાસ્ત્રનાં જાણપણાં કરીને આવડતનાં અભિમાન કરવાં, વિભાવના રસ્તે રખડવું—એ કાંઈ નવું નથી, એ તો અનાદિથી કરતો આવ્યો છે. અગિયાર અંગનાં જાણપણાં અનંત વાર કર્યાં, એમાં 'આત્મા જ્ઞાયક છે' એ વાત શું નહોતી આવી? ધારણા બધી કરી, પણ 'મને આવડે છે' એમ અંદર અભિમાન રહ્યું, એટલે અંતરમાં ચૈતન્યની અધિકતા ન ભાસી,

પણ શાસ્ત્રનાં જાણપણાંની આવડતનું અધિકપણું ભાસ્યું. ઇંદ્રિયજ્ઞાન ને પરલક્ષી શાસ્ત્રજ્ઞાન એ બધું એક છે. જગતને, હજારો—પાંચ પાંચ હજાર કે દસ દસ હજાર—માણસોને ઉપદેશ કરતાં આવડયું, બાપુ! એ શી ચીજ છે? આવડતનાં અભિમાન શાં? સ્વરૂપના ભાન વિના બહારની ધારણાના રસ્તે, એ વિભાવના રસ્તે તો તું અનાદિથી ચડેલો જ છે. ૩૯.

* અનંત ગુણના ધરનાર એવા નિજ જ્ઞાયકદ્રવ્યની અંતરમાં જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં સમ્યગ્દર્શનનું કાર્ય થયું. જ્ઞાયકદ્રવ્યમાં કર્તા, કર્મ, ભાવક વગેરે શક્તિઓ છે તેથી તે વ્યાપીને નિર્મળ શ્રદ્ધાપર્યાયનો ભાવક થયો. સમ્યગ્દર્શન પર્યાયની માફક બીજા બધા ગુણોની નિર્મળ પર્યાયના વિષયમાં સમજી લેવું. આમાં કોઈ ઝાઝાં જાણપણાંની જરૂર નથી; જરૂર છે માત્ર વસ્તુસ્વભાવ તરફ દૃષ્ટિ કરવાની. અહા! આવી વાતો છે; ભાઈ! આવા સત્‌નો વિરોધ ન હોય. દ્રવ્યના સ્વભાવની—અંતરની તાકાતની—તને ખબર નથી તેથી તેં તારા દ્રવ્યની શક્તિનો વિરોધ કર્યો છે. માટે હવે બીજે ક્યાંય રોકાયા વિના 'હું કેવળ જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરજે. ૪૦.

* જ્ઞાયક પ્રભુ પોતાના ક્ષેત્રમાં—નિજ પ્રદેશોમાં—રહીને સ્વ-પરને—બધાંને જાણે છે, પરદ્રવ્યને અડયા વિના, પરક્ષેત્રમાં ગયા વિના, પરકાળ કે પરભાવરૂપ થયા વિના પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને ભગવાન આત્મા પોતાની જ્ઞાનઋદ્ધિ વડે સ્વપર—બધાંને જાણે છે. અહા! આવું વસ્તુસ્વરૂપ છે. તે તને કેમ પોષાતું નથી? તને આ સિવાય બીજું કેમ પોષાય છે? રુચિમાં આત્માનું પોષણ કરવાને બદલે પરનું ને શુભાશુભ ભાવનું પોષણ કેમ કરે છે? ભાઈ! શુભાશુભ વિકાર તો હદવાળો—સીમાવાળો ભાવ છે, ભગવાન આત્મા તો બેહદ—અસીમ છે. બેનના બોલમાં આવે છે ને?—વિભાવમાં સીમા—મર્યાદા છે, તેથી જીવ ત્યાંથી પાછો ફરી શકે છે, અને આત્મસ્વભાવ તો અમર્યાદિત છે, તે દૃષ્ટિગત થતાં જીવ ત્યાંથી પાછો ફરે નહિ. અહા! સ્વભાવમાં ગયો તે પાછો બહાર આવે નહિ—એવી અહીં વાત છે. ૪૧.

* જીવન ચાલ્યું જાય છે ભાઈ! આ જીવન પૂરું થઈ જશે, પછી ક્યાં જઈશ પ્રભુ! તારી સત્તા તો અનાદિ-અનંત છે. જો સ્વભાવની દૃષ્ટિ, રુચિ અને ભેદજ્ઞાન ન કર્યું તો ઉતારા ક્યાં કરીશ પ્રભુ! એક સમયમાં આનંદજનની નિજ અનંત ઋદ્ધિને તેમ જ ત્રણ કાળ ને ત્રણ લોકને જાણવાની શક્તિ તારામાં પડી છે, પણ તેનો તને વિશ્વાસ—ભરોસો આવતો નથી. ૪૨.

* વિભાવના રસ્તે જતાં રોકવા માટે કોઈ ટોકનાર જોઈએ. આવડતની કળાથી દુનિયાને રાજી કરે, દુનિયા પણ એને મોટો માને, પોતે પણ સ્વીકાર કરે કે 'મારી મોટપનો દુનિયા આદર કરે છે અને તેથી મને પગે લાગે છે'. ભાઈ! એ બધી ભ્રમણા છે. '**मुनिव्रत धार अनन्त वार ग्रीवक उपजायो**' ત્યારે પંચમહાવ્રત લઈને અગિયાર અંગ ને નવ પૂર્વનું જાણપણું પણ કર્યું, ચોથે આરે ભગવાનનાં સમવસરણમાં દિગંબર સાધુ પણ અનંત વાર થયો, પ્રભુની વાણી પણ અનંત વાર સાંભળી, પણ અંદરથી આવડતનું અભિમાન છોડયું નહિ, તેથી '**निज आतमज्ञान बिना सुख लेश न पायो**', જરી પણ ધર્મ થયો નહિ. આવડતનાં અભિમાનથી રોકવા માથે ગુરુ જોઈએ. ૪૩.

* અનંત ગુણના અભેદ પિંડસ્વરૂપ ભગવાન આત્મામાં એક જ્ઞાન નામનો અસાધારણ ગુણ છે. તેમાં પરિપૂર્ણ જાણવાની શક્તિ ભરેલી છે. લોકાલોકને જાણવામાં જ્ઞાન કાંઈ પરને અડીને કે પરમાં જઈને જાણતું નથી; વળી વિકલ્પ થાય તો જાણે એમ પણ નથી. વિકલ્પ તો ખેદ છે. અહા! ખેદ વિના પરિપૂર્ણ જાણે એવો ભગવાન આત્મા ક્યાં અને કોણ છે એની ખબરેય ન મળે અને ધર્મ થઈ જાય? શુભરાગમાં તો ધૂળેય ધર્મ નથી. ભક્તિ કરે, યાત્રાઓ કરે, વ્રત-તપ કરે અને દયા પાળે, પણ એ બધી તો શુભ રાગની ક્રિયા છે, એમાં ધર્મ ક્યાં આવ્યો? એ બધી કર્મધારા છે, જ્ઞાનધારા નહિ. ભાઈ! ચૈતન્યલોક તને આકર્ષતો નથી અને 'જગતની ચીજો મને ઠીક છે' એમ માનીને તેમના પ્રત્યે તું આકર્ષાઈ જાય છે!—અરે! પ્રભુ! તને આ શું થયું છે? ૪૪.

* શરીર, વાણી વગેરે પરપદાર્થ અને પુણ્ય-પાપના વિભાવભાવ—એ બધું જાણે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં એકમેક થઈ ગયું હોય એમ અનાદિ કાળથી અજ્ઞાની માને છે. પણ ભાઈ! શરીર, કર્મ વગેરે પરપદાર્થ તો જડ છે, અચેતન છે અને પુણ્ય-પાપનો વિભાવભાવ તો પરના લક્ષે પોતાની પર્યાયમાં થયેલો વિકાર છે; પર તેમ જ વિકાર ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકમેક કેમ થાય? એકમેક નથી છતાં પણ અજ્ઞાનીને અનાદિથી જે એકપણાની માન્યતા છે તે તેનો ભ્રમ છે, મિથ્યાત્વ છે. 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાના જ્ઞાયકપ્રભુને લક્ષગત કરીને આ રાગાદિ વિભાવ, શરીર અને કર્મ તે હું નથી, તેમાં હું નથી, મારી ચૈતન્યચીજમાં તે નથી—એવું યથાર્થ ભેદજ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ૪૫.

* અરેરે! જગતને મરીને ક્યાં જવું છે? અનાદિ કાળથી રખડતો અજ્ઞાની જીવ બહારની ક્રિયામાં—તીર્થયાત્રા, વ્રત, ઉપવાસ, મંદિર ભગવાનની ભક્તિ વગેરેમાં—ધર્મ માની રહ્યો છે; પણ ભાઈ! તેમાં તો ધૂળેય ધર્મ નથી; અરે! ધર્મ તો નથી, પણ અંદર પુણ્યનો પ્રેમ—રાગનો રાગ—હોવાથી તેમાં પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. અહા! આકરી વાત છે ભાઈ! જ્ઞાન, દર્શન, શાંતિ, સુખ, સ્વચ્છત્વ, પ્રભુત્વ આદિ અનંત ગુણશક્તિથી ભરપૂર પોતાના ચૈતન્યલોકનો—નિજ જ્ઞાયક સત્ત્વનો—અંતરમાં દેહની તેમ જ રાગની ક્રિયાથી ભિન્ન અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; બાકી બધું થોથાં છે. તેથી અહીં એમ કહ્યું છે કે પર ને વિભાવ સાથે અનાદિથી જે એકત્વ મનાઈ ગયું છે તેમાંથી 'હું પર ને વિભાવ રહિત માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ શ્રદ્ધા-જ્ઞાનમાં જુદું પડવાનું છે. ૪૬.

* અનાદિથી પરપદાર્થમાં 'આ મારો, આ મારો' એમ માનીને મૂઢ જીવ ૮૪ લાખ યોનિના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેને ખબર નથી કે 'હું શું માની રહ્યો છું, શું કરી રહ્યો છું?' નરકના જીવ પાસે એક 'પાઈ' પણ નથી, અનાજનો એક દાણો પણ નથી. તોપણ ત્યાં ભગવાન આત્માનું ભાન હોઈ શકે છે. શ્રેણિક રાજા કે જે

ક્ષાયિક સમકિતી છે, આગામી ચોવીશીમાં પહેલાં પદ્મનાભ તીર્થંકર થવાના છે અને અત્યારે ૮૪ હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે તેમને 'હું તો માત્ર આનંદને જ્ઞાનસ્વરૂપ છું, આ નરકના સંયોગો મારી ચીજ નથી' એમ શરીરાદિ પર ને રાગાદિ વિભાવથી પોતાની ભિન્નતાનો વિવેક સતત વર્તી રહ્યો છે. ભગવાન આત્મા કેવળ જ્ઞાતા-દ્રષ્ટા છે, રાગ ને શરીરથી ભિન્ન છે—એમ જેણે અંતરમાં સ્વભાવસન્મુખ થઈને જાણી લીધું તેને તો ઉદયવશ કોઈ પણ ગતિમાં જાય તોપણ, આત્મા આત્મામાં જ છે. આહા! સમજાય છે કાંઈ? ૪૭.

* અરે! વીતરાગનો આ માર્ગ અતિ દુર્લભ છે, એ સાંભળવા પણ મળતો નથી. બિચારા જીવોને — કરોડપતિ અને અબજોપતિ પણ બિચારા, રાંકા ને ભિખારી છે કેમ કે તેમને પોતાની સ્વરૂપલક્ષ્મીની ખબર નથી અને આ બહારની ધૂળની લક્ષ્મીને પોતાની માની બેઠા છે—દેહાદિ પર ને શુભાશુભ વિભાવ સાથે એકત્વપરિણમનને લીધે બધું એકમેક મનાઈ રહ્યું છે. પ્રભુ! આ જડ ચીજ તારી ક્યાંથી થઈ ગઈ? તને પર ને વિભાવ સાથે એકત્વબુદ્ધિનો સનેપાત થયો છે. ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવની વાણીમાં કહ્યું છે તે પ્રમાણે 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લે તો તારું અવિનાશી કલ્યાણ થશે. ૪૮.

* ત્રણ લોકના નાથ શ્રી સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં એમ આવ્યું છે કે—'શરીર મારું' એવી જે ભ્રાન્તિ તે તો પરવશતા છે જ, પણ 'રાગ મારો, ખંડખંડરૂપ જ્ઞાન તે હું' એ પણ આત્માની પર્યાયમાં પરવશપણું છે, દુઃખ છે. આત્મા સ્વભાવે અખંડ જ્ઞાનમૂર્તિ છે; પણ તેની વર્તમાન અવસ્થામાં ખંડખંડ જ્ઞાન—ભાવેન્દ્રિય—છે ને? ભાવેન્દ્રિયનો—ખંડખંડ જ્ઞાનનો—સ્વભાવ ક્રમે જાણવાનો છે; વિષયોને અવલંબીને જાણવાનો સ્વભાવ હોવાથી તે પરવશ છે. અહા! શરીર, વાણી વગેરે પરપદાર્થ તો ક્યાંય રહી ગયા, રાગાદિ વિભાવ પણ એકકોર રહી ગયો, પણ એક એક ઇંદ્રિય દ્વારા એક એક વિષયને જાણનારું જે પરલક્ષી ખંડખંડ જ્ઞાન તે પણ પરવશતા છે, સ્વાધીનતા નથી. ૪૯.

* ભગવાન આત્મા તો અખંડ શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન છે; તેમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય તે તો રાગ છે, દુઃખ છે, પરંતુ ભાવેન્દ્રિય દ્વારા જે ખંડખંડ જ્ઞાન થાય તે પણ પરાધીનતા ને દુઃખ છે. અહા ! આવી ઝીણી વાતો છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ, મહાવ્રતનો કે શાસ્ત્ર ભણવાનો રાગ–વિકલ્પ તે પરવશપણું છે, દુઃખ છે; એ કાંઈ આત્માનું ખરું સ્વરૂપ નથી. એ ઉપરાંત આત્મામાં જે ભાવેન્દ્રિય —જ્ઞાનનો ઉઘાડ, એક સમયની પર્યાયમાં વિષયને જાણતાં જે ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ, તે પણ પરવશપણું છે, આત્માનું સ્વરૂપ નથી. ૫૦.

* આ લક્ષ્મી વગેરે પરચીજ મારી છે અને હું રાગાદિ વિભાવસ્વરૂપ છું—એમ માનનાર મોટા મૂર્ખ ને મિથ્યાદષ્ટિ છે. દુનિયા, મિથ્યાત્વનો દારૂ પીધેલ હોવાથી, પાગલ છે, અને પાગલ પાગલનાં વખાણ કરે, જરા દાનાદિનાં કાર્ય જોઈને શેઠિયાઓને દાનવીરનું બિરુદ આપી દે, પણ ભાઈ ! લક્ષ્મી અને દાનના શુભરાગથી ભિન્ન અંદર જ્ઞાયકતત્ત્વનું જેને ભાન નથી તેઓ, ભલે અબજોપતિ હો કે કરોડપતિ હો, સંસારમાં રખડનારા મૂઢ જીવ છે. અરે ! આ દુર્લભ મનુષ્યભવ આત્માનું કરી લેવા માટે મળ્યો છે. મનુષ્ય અવતારની સ્થિતિ થોડા કાળની છે, વીજળીના ઝબકારાની જેમ તે ચાલ્યો જશે. આ મનુષ્યભવના ટાણામાં 'આ જ્ઞાનાનંદસ્વભાવી ચૈતન્યમૂર્તિ તે હું છું અને આ દયા, દાન આદિના વિકલ્પ તે હું નથી'—એવું ભેદજ્ઞાન કરી લે તો તારો ઉદ્ધાર થશે, નહીં તો ભવભવમાં પરિભ્રમણ કરીને તારો સોથ નીકળી જશે. ૫૧.

* ભવપરાવર્તનને વિષે જીવે નરક ને નિગોદના ભવો કરીને જે દુઃખો સહ્યાં છે તેનું વર્ણન સાંભળતાં રડવું આવી જાય. ભાઈ ! એવાં દુઃખો તેં અનંત વાર ભોગવ્યાં છે, પણ એ બધું તું ભૂલી ગયો. ભૂલી ગયો માટે તે નહોતાં એમ કોણ કહે ? પ્રભુ ? પ્રભુ ! હવે તો અવસર મળ્યો છે, માટે તું શીઘ્ર ચેતી જા કે—પુણ્ય-પાપના—દયા-દાનના કે કામક્રોધના—ભાવ તે મારી ચીજ નથી, તે તો વિકારી ભાવ છે, એ કાંઈ શુદ્ધ જીવતત્ત્વ નથી. અરેરે ! જીવે પોતાના શુદ્ધ સ્વરૂપને સમજવાની કદી દરકાર કરી નથી. અનાદિ કાળથી મૂઢ વર્તતો થકો તે અનંત વાર મનુષ્ય થયો,

અનંત વાર નારકી થયો, અનંત વાર પશુ થયો. અનંત વાર સ્વર્ગે ગયો, એકેન્દ્રિય વગેરે પર્યાયોમાં અનંત અનંત વાર ઊપજી આવ્યો. ભાઈ! તને ખબર નથી. જડને આત્મા માનીને, મિથ્યાત્વના કારણે ચાર ગતિમાં રખડીને અનંત વાર દુઃખ પામ્યો. ગોસળિયાની જેમ તું તારી જ્ઞાનસ્વરૂપી ચૈતન્યવસ્તુને ભૂલી ગયો છે; હવે તો સાંભળ કે—રાગાદિ વિભાવથી ને શરીરાદિની ક્રિયાથી નિજ જ્ઞાયક ભગવાન આત્મા તદ્દન ભિન્ન છે; સ્વભાવમાં ભેળસેળ થયો નથી. ૫૨.

* સમ્યગ્દર્શન કે જે ધર્મનું પ્રથમ સોપાન છે, પહેલું પગથિયું છે, તેનો વિષય નિર્મળ પર્યાય પણ નથી; તેનો વિષય ટંકોત્કીર્ણ આનંદઘન ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક પરમાત્મા છે. '**अप्पा सो परमप्पा**'—આત્મા પોતે જ પરમાત્મા છે. ભાઈ! તું જે છો તે જ છો, આનંદકંદ છો, સચ્ચિદાનંદ છો, પરમાનંદનો પિંડ છો. પરમાનંદસ્વરૂપ નિજ દ્રવ્ય-સામાન્યને અવલંબનારી દૃષ્ટિ સર્વપ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ તું પ્રગટ કર. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું ધ્રુવ તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં—કોઈ પણ પ્રકારની પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો! આવો અદ્ભુત દ્રવ્ય-સ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવગમ્ય થયો!' એમ જ્ઞાન જાણે, પણ દ્રવ્યદૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—ધ્રુવ દ્રવ્યસ્વભાવ ઉપર—જામેલી તે જામેલી જ રહે છે. ૫૩.

* જેમ શરીર-વાણી-મન, દેવ-શાસ્ત્ર-ગુરુ અને પોતાની પર્યાયમાં થનારા શુભાશુભ વિભાવ બહિઃતત્ત્વ છે, કેમ કે તેમના આશ્રયથી સમકિત ન થાય; તેમ ધ્રુવ જ્ઞાયકસ્વભાવના આશ્રયે પ્રગટનારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, કેમ કે તે એક સમયની વિનશ્વર દશા હોવાથી તેના આશ્રયે—આલંબને નવી શુદ્ધિ પ્રગટતી નથી. શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિની વૃદ્ધિ તથા શુદ્ધિની પૂર્ણતા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક-સ્વભાવના આલંબને થાય છે. દ્રવ્યદૃષ્ટિ સમ્યગ્દર્શન આદિ કોઈ અધૂરી

કે પૂરી નિર્મળ પર્યાયને તથા ગુણભેદને પણ અવલંબતી નથી, તેનું આલંબન તો એકમાત્ર નિજ ધ્રુવ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ છે. ૫૪.

* વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, દયા, દાન—એ બધો શુભરાગ પણ દુઃખ છે, તેને ધર્મ કે ધર્મનું ખરું કારણ માનવું તે મિથ્યાત્વ છે, દુઃખ ને દુઃખનું કારણ છે. ત્રિકાળશુદ્ધ, શાશ્વત અને પવિત્ર રહેનારું જે નિજ ચૈતન્યતત્ત્વ તેનો જેણે અંતરમાં આશ્રય લીધો, અવલંબન લીધું, તે સાધક જીવ સ્વવશ છે, સુખી છે. અહા! નિજ ચૈતન્યતત્ત્વની આવી વાતો જગતને આકરી પડે; પણ બીજું શું થાય? વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને યથાર્થ સમજવું તો પડશે ને? ૫૫.

* અતીન્દ્રિય સહજ જ્ઞાન અને અતીન્દ્રિય સહજ આનંદસ્વરૂપ એવો જે નિજ ચૈતન્ય મહાપદાર્થ—જ્ઞાયક ભગવાન આત્મા—તેનો જો અંતરમાં યથાર્થ મહિમા ખ્યાલમાં આવ્યો હોય તો જ આત્માને સ્વાનુભૂતિનો ઉપાય હાથમાં આવે છે. પોતાના જ્ઞાયકસ્વભાવનો મહિમા જ પોતાને ભવસમુદ્રમાંથી તારે છે. પૂજા-ભક્તિ, દયા-દાન ને વ્રત-તપના ભાવ આવે છે તે શુભરાગ છે, વિભાવ છે. તેનો જેને મહિમા આવે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, ભવસાગરમાં ડૂબી મરનાર અજ્ઞાની છે. સમસ્ત પ્રકારના વિભાવોથી રહિત પોતાના સહજાત્મસ્વરૂપ જ્ઞાયક મહાપ્રભુનો અદ્ભુત મહિમા જેને અંતરમાં પરિણમ્યો છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. તેને તરવાનો ઉપાય હાથમાં આવી ગયો છે. ૫૬.

* પર્યાયમાં ગુણસ્થાન વગેરેના જેટલા ભેદો છે તે બધા પરમાર્થે જ્ઞાયકભાવથી ભિન્ન છે. પર્યાયમાત્રથી સ્વરૂપે ભિન્ન એવા ત્રિકાળી નિજ જ્ઞાયકભાવને ગ્રહણ કર, તેનો આશ્રય કર, તેનું અવલંબન લે, દૃષ્ટિને તેમાં સ્થાપી દે. જ્ઞાનમાં એવો નિર્ણય કર કે બસ, કરવાનું તો આ જ છે. શુભ રાગ છે તે કાંઈ જ્ઞાનની પર્યાય નથી. જ્ઞાયકભાવ તો અંતર્મુખ જ્ઞાનની પર્યાયથી જ પકડી શકાશે. અરે! ૮૪ લાખ યોનિનાં એ દુઃખ!—જીવતાં ઘાણીમાં પીલી નાખે, જીવતાં ચામડાં ઉતારે ને ખાર છાંટે. એવાં દુઃખો તેં અનંત વાર સહન કર્યાં ભાઈ! એ બધું મિથ્યાત્વભાવને લઈને છે. એ ભાવને છોડવાની આ વાત છે. એ મિથ્યાત્વ-

ભાવને અંતરમાંથી છોડે નહિ અને 'અમે ધર્મી છીએ' એમ માને, તો તેનાથી તને નુકશાન થશે પ્રભુ! અહીં તો કહે છે: અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં નિર્મળતા—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—આવી જ જશે. ૫૭.

* દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્રતાદિનું શુભાચરણ—એ બધું પર્યાયમાં છે. નિર્મળતા પ્રગટે તે પણ પર્યાય ઉપર લક્ષ રાખ્યે નિર્મળતા પ્રગટે નહિ, કારણ કે પર્યાયમાં નવી પર્યાય પ્રગટ કરવાની શક્તિ કે ગુણનું સત્ત્વ નથી. જેમાં સત્ત્વ હોય તેના આલંબને નિર્મળતા પ્રગટે. શાસ્ત્રજ્ઞાન છે તે શબ્દજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. પરલક્ષી જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન નથી. તેના લક્ષે ચૈતન્ય પ્રગટ ન થાય. ભણેલાઓ પણ જાણપણાની આવડતમાં ચડી જાય કે—અમને આવડે છે, અમે ભણેલા છીએ. ભાઈ! ધીરો થા! જરીક ધીરો થા! ભણતરના જ્ઞાનની પર્યાય કે શબ્દની પર્યાય છે તે કાંઈ આત્માના જ્ઞાનની પર્યાય નથી. ભણતર-જ્ઞાનની પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય દૃષ્ટિગત ન થાય, અંતરમાં દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્યપ્રભુ દૃષ્ટિગત થાય. જેમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણરત્નોનો ખજાનો ભર્યો છે એવા નિજ જ્ઞાયકતત્ત્વ પર દૃષ્ટિ દે તો જ ચૈતન્ય પ્રગટે—આનંદકંદ જ્ઞાયક પ્રભુ લક્ષગત થાય, અને તો જ વર્તમાન પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની નિર્મળતાઓ પ્રગટે. અહા! આવી વાતો છે ભાઈ! ૫૮.

* જ્ઞાયકવસ્તુ જે નિજ પ્રભુત્વમય અગાધ તત્ત્વ છે તેમાં તો અનંત સામર્થ્ય—જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણો ને એક એક ગુણમાં પણ અનંત સામર્થ્ય—ભર્યું છે; તે શુદ્ધ અભેદ ધ્રુવ જ્ઞાયક દ્રવ્યસામાન્ય પર દૃષ્ટિ થંભાવ. શાસ્ત્રનાં ભણતર થાય ને બે શબ્દ બોલતાં આવડે, ભાઈ! રહેવાં દે એનાં અભિમાન; એ બધી વિકાર ને પરલક્ષી જ્ઞાનની આવડત છે. એ બધું બહિર્લક્ષી હોવાથી જડનું જ્ઞાન છે. જ્ઞાતાનું જ્ઞાન નથી. ખરેખર તો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાન છે, જ્ઞાનનિમગ્ન જ્ઞાન નથી. જે જીવ પરજ્ઞેયમાં નિમગ્ન છે તેને જ્ઞાનમાં મગ્નપણું ન આવે. બીજા કરતાં અમને ચર્ચા કરતાં આવડી—એવું જેને આવડતનું અભિમાન છે તે જ્ઞેયોમાં નિમગ્ન છે, જ્ઞાનમાં નહિ. આવી વાતો સાંભળવી કઠણ પડે, પણ ભાઈ!

આ વાતો તો અદ્‌ભુત ને અપૂર્વ છે. અનાદિથી જે માન્યું છે તેનાથી બીજું માનવાનું છે. વસ્તુ તો અનંત સામર્થ્યથી ભરપૂર શુદ્ધ જ્ઞાયક દ્રવ્ય છે. ત્યાં દૃષ્ટિને થંભાવ—ધ્રુવ શુદ્ધ પરમભાવ પર રુચિને રોક. ૫૯.

* અરે ! જે જ્ઞાન પરલક્ષી છે, જ્ઞેયનિમગ્ન છે, તેની વાત તો છોડ પણ જે પૂર્ણ શુદ્ધ સિદ્ધપર્યાય છે તે પણ શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. શુદ્ધ દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય છે ને ! એનો વિષય નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય નથી. પર્યાય તો નહિ પણ કોઈ ગુણભેદ પણ દ્રવ્યદૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનું ધ્યેય અભેદ ધ્રુવ તત્ત્વ છે. તેમાં અનંત શક્તિઓ પડી છે. અનંત સામર્થ્યભરપૂર નિજ દ્રવ્યસામાન્યમાં દૃષ્ટિ દે; પર્યાય તો એક સમયની વિનાશશીલ અવસ્થા છે, તેમાં કાયમી અનંતું જોર ક્યાંથી આવે ? ભલે કેવળજ્ઞાનની કે સિદ્ધની પર્યાયમાં અનંત સામર્થ્ય વ્યક્ત થયું છે, પણ તે તો એક સમયની વ્યક્ત અવસ્થાનું પૂર્ણ સામર્થ્ય છે, તે કાંઈ દ્રવ્યનું ત્રિકાળી ધ્રુવ સામર્થ્ય નથી. ૬૦.

* ચૈતન્યમૂર્તિ આનંદકંદ ભગવાન આત્માનો સ્વભાવ તો રાગાદિ સમસ્ત ક્રિયાથી રહિત છે—નિષ્ક્રિય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ ખરેખર તો સમસ્ત પર્યાયોથી પણ રહિત છે—રાગાદિ વિભાવક્રિયાથી તો ભિન્ન છે, પણ સમ્યગ્દર્શન આદિ અપૂર્વ નિર્મળ સ્વભાવક્રિયાથી પણ ભિન્ન છે. ત્રિકાળી નિષ્ક્રિય ધ્રુવ સ્વભાવના ઉગ્ર આલંબને મુનિરાજને જે રાગાદિ વિભાવક્રિયા રહિત નિષ્ક્રિય નિર્મળ દશા પ્રગટી છે—જ્ઞાયકસ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ અભેદ નિષ્ક્રિય અવસ્થા પ્રગટી છે, તેમાંથી બહાર આવવું તેમને ગમતું નથી. અહા ! આવી વાત છે. ૬૧.

* ભાઈ ! તું વિચાર તો કર કે અંદર આત્મા શી વસ્તુ છે ! દેહ, વાણી ને મનથી ભિન્ન અને પુણ્યપાપના વિભાવોથી રહિત અંતરમાં જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરેલો ત્રિકાળશુદ્ધ આત્મા કોઈ મહાન અદ્‌ભુત પદાર્થ છે. માટે, હે જીવ ! આવા આશ્ચર્યકારી આત્માનો અપૂર્વ મહિમા લાવી, તારા પોતાથી તેની ઓળખાણ કરી, તેની પ્રાપ્તિનો ઉદ્યમ કર. ૬૨. [ સ્થળસંકોચના કારણે વધુ આવતા અંકે ]

[ અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં........ટાઈટલ ૨થી ચાલુ ]

આ૦ પંડિતજી દ્વારા પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૧૩ના રોજ સાંજે શ્રી રંભાબેન પોપટલાલ વોરા તેમ જ તા. ૧૪ના રોજ શ્રી પુષ્પાબહેન દોશી ( બ્ર. કોકીલાબેન ખારા )ના ઘરે મુમુક્ષુ મહિલાઓ દ્વારા ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત ' ઉપર ભાવવાહી ટેપપ્રવચન અને છેલ્લે તીર્થ-યાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન તેમ જ બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—ઉત્સવ દરમિયાન આ કાર્યક્રમ બરાબર નિયમિત ચાલતો હતો. પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુની ઉપસ્થિતિથી સ્થાન ભરાઈ જતું હતું. પૂજાના સમયે પરમાગમમંદિર ઠસેઠસ ભરાઈ જવાથી ઉપરની લોબીમાં બેસીને મુમુક્ષુઓ પૂજાનો લાભ લેતા હતા.

બહેનશ્રીની જન્મજયંતીના હર્ષોપલક્ષમાં તા. ૧૪ ઓગસ્ટના રોજ બપોરે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ 'ના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ–રજતનિર્મિત ત્રિપિડિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણ–વિહાર સર્વે ભક્તોને અતિ આનંદકારી અનુભૂત થતો હતો. રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે ' તેજનંદિની ચમ્પાકુંવરી 'ના પારણા ઝૂલનનું એક મનોહર ' ફ્લોટ–( FLOAT )' બધાના ભક્તિભીના ચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. પારણા ઝૂલવતા મનોહર દશ્યને જોઈને અનેક ભક્તોની ચિત્તભૂમિમાં નીચેની કાવ્યપંક્તિ યાદ આવી જતી હતી :–

કુંવરીને ખમ્મા ખમ્મા કરતી, માતા જ્ઞાનામૃત પાતી,
સીમંધરના નંદ પધાર્યા, શી પુણ્યાવલી જાગી,
ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી....કુંવરીને૦

રથોત્સવની ભવ્યતા જોઈને જનજનતા પ્રસન્નતાથી મહાન ધર્મપ્રભાવક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવ તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ઘાટકોપર તેમ જ વઢવાણની ભજન–મંડળીએ વરસતા વરસાદમાં પણ વાતાવરણ ભક્તિમય બનાવીને રથોત્સવને અધિક રોચક બનાવ્યો હતો.

આ મંગલ મહોત્સવમાં 'બહેનશ્રીનાં વચનામૃત ' ઉપર શ્રી હિમ્મતભાઈ ડગલી ( વિંછીયા ) એ શાસ્ત્ર-પ્રવચન કર્યાં હતા અને આદરણીય પંડિતજીએ તેમ જ બન્ને ભજનમંડળીએ ભક્તિ કરાવી હતી. રક્ષાબંધનનો મંગલ પર્વ મુનિપૂજા તેમ જ ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

## * શ્રાવણ વદ બીજ : બહેનશ્રીની જન્મજયંતી *

ગુરુભક્ત મુમુક્ષુઓ માટે ભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીનો આ દિન—શ્રાવણ વદ બીજ—મહા આનંદકારી દિવસ છે. શ્રાવણ વદ બીજના રોજ સવારે

દેવદર્શન બાદ અત્યંત ભવ્યતાથી સુશોભિત વિશાલ મંડપમાં ક્રમશઃ 'સદ્ગુરુ-સ્તુતિ', આદરણીય પંડિતજી દ્વારા પ્રણિપાતસ્તુતિ તથા વિડિયો-ટેપ દ્વારા કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીનું માંગલિક અને તેઓશ્રીની ગુરુભક્તિભીના અધ્યાત્મ-રસપ્રધાન તાત્ત્વિક હિતોપદેશનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પરમાગમમંદિરમાં ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા અને તેનું સમાપન, પૂજ્ય બહેનશ્રીના જન્મધામ (વઢવાણ)ના અતિ રમણીય પ્રતિકૃતિયુક્ત સુશોભિત મંચ ઉપર આપણા સર્વોત્કૃષ્ટ ઉપકારી પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય સ્ટેચ્યૂ સમક્ષ શ્રી સમયસાર ગાથા ૨૩-૨૫ ઉપર અત્યંત માર્મિક અદ્ભુત ઓડિયો ટેપપ્રવચન અને છેલ્લી ૧૩ મિનિટ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનથી જાણેલાં ભૂત-વર્તમાન-ભવિષ્ય સંબંધી વિવરણ—જે સાંભળીને મુમુક્ષુઓ આનંદથી ગદ્ગદ્ થઈ ગયા હતા.

ટેપ-પ્રવચન બાદ મુમુક્ષુસમાજ વતી ટ્રસ્ટી શ્રી ચીમનલાલ ઠાકરશી મોદીએ પૂછેલાં તાત્ત્વિક પ્રશ્નના ઉત્તરમાં પૂજ્ય બહેનશ્રીએ પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર-મહિમાનું સ્મરણ કરાવીને સ્વાનુભવરસ ગંભીર મંગલ અધ્યાત્મવચનો કહ્યાં—તેની વિડિયો ટેપ બતાવવામાં આવી હતી.

ત્યાર બાદ મંચ ઉપર રાખવામાં આવેલા પૂજ્ય બહેનશ્રીના વિશાળ ચિત્રપટ સમક્ષ, સ્વર્ણરંગિત રજતપુષ્પોથી વધાવવાનો આનંદકારી ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સેંકડો પરિવારે ભક્તિ ગાતાં ગાતાં પૂજ્ય બહેનશ્રીને વધાવવાનો આનંદકારી લાભ લીધો હતો. તે પ્રસંગે ગુરુભક્તજનોનો ઉમંગ ને ઉત્સાહ જોતાં લાગતું હતું કે પરમ તારણહાર કૃપાળુ ગુરુદેવે જીવનપર્યંત જે કાંઈ કહ્યું હોય—પછી તે સૂક્ષ્મ અધ્યાત્મચર્ચા સંબંધી હોય, વ્યવહાર સંબંધી હોય કે પોતાના ગુરુ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ આદિ પ્રતિ બહુમાનભક્તિવિશે હોય કે ભક્તશિરોમણિ ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની અંતરંગ દશા સંબંધી હોય—તેનું બહુમાન પૂર્વક પાલન કરીને ભક્તો પોતાની ગુરુભક્તિનું પ્રમાણ જાહેર કરતા હતા. કુલ ૨૩૮ પરિવારોએ સ્વર્ણરંગિત રજતપુષ્પોથી પૂજ્ય બહેનશ્રીને વધાવવાનો લાભ લીધો હતો.

બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રવાંચન, દેવ-ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેપપ્રવચન, અને અંતમાં યાત્રા-વિડિયો દ્વારા ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાનો કાર્યક્રમ બહુ આનંદ પૂર્વક સમ્પન્ન થયો હતો.

* આ શુભ-અવસરે 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' (કાયમી):— ૧. શ્રી કાંતાબહેન અનુપચંદ ખારા, રાંચી; ૨. કેટલાંક બ્ર. બહેનો, સોનગઢ; ૩. શ્રી અંજવાળીબહેન જગજીવનદાસ દોશી, સાવરકુંડલા; ૪. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ

(હા. જિતુભાઈ), સોનગઢ; ૫. શ્રી જડાવબહેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, મુંબઈ; ૬. શ્રી પોપટલાલ લહેરાભાઈ તેમ જ શ્રી ચંપાબહેન પોપટલાલ ગોસળિયા, સોનગઢ; ૭. શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ, બોરીવલી; ૮. શ્રી પુષ્પાબહેન મનસુખલાલ દોશી-પરિવાર, મુંબઈ; ૯. શ્રી જ્યોતિબહેન પ્રવીણચંદ્ર મહેતા, મુંબઈ ૧૦. બ્ર. શારદાબહેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ; ૧૧. શ્રી રતીલાલ હરગોવિંદદાસ મોદી (હા. ચંપાબહેન), સોનગઢ; ૧૨. શ્રી જયેશભાઈ દોલતરાય મહેતા (હા. શ્રી પુષ્પાબહેન), જામનગર; ૧૩. શ્રી વિનોદરાય ક્રાનજીભાઈ કામદાર-પરિવાર, રાજકોટ; ૧૪. એક મુમુક્ષુ (હા. ડૉ. જામન મહેતા), ઉદયપુર; ૧૫. શ્રી કળાબહેન હસમુખલાલ વોરા, મુંબઈ; ૧૬. શ્રી રળિયાતબહેન રાયચંદભાઈ શાહ (રાયચંદભાઈના માતાજી સ્વ૦ વેજીબહેન, મામા સ્વ. રામજી રૂપશી તથા મામી સ્વ. ગંગાબહેન રામજીના સ્મરણાર્થે) નાઈરોબી; ૧૭. શ્રી જયન્તીલાલ ચત્રભુજ કામદાર (તેમની ધર્મપત્ની સ્વ૦ ભાનુબહેન તથા પુત્ર સ્વ૦ પ્રકાશભાઈને સ્મરણાર્થે), મુંબઈ; તથા—

* **પ્રાસંગિક મંડલવિધાન પૂજા :** ૧. શ્રી જયંતીલાલ મણિલાલ ભાયાણી (તેમની પુત્રવધૂ સ્વ૦ દીપ્તિબહેન જયસુખલાલના સ્મરણાર્થે), સોનગઢ; ૨. શ્રી ધરમશીભાઈ દેવરાજ શાહ, નાઈરોબી; ૩. શ્રી સવિતાબહેન સુંદરલાલ શાહ, મીઠાપુર; ૪. શ્રી ઝવેરીબહેન ત્ર્યંબકલાલ ઘડિયાળી (હા. બ્ર૦ નીલાબહેન), સુરેન્દ્રનગર; ૫. શ્રી રમેશચંદ્ર નાનાલાલભાઈ ભાલાણી, મુંબઈ; ૬. શ્રી સમતાબહેન મોહનલાલ બેચરદાસ મોદી, ઘાટકોપર; ૭. શ્રી જ્યોતિબહેન મહાસુખભાઈ દોશી, ઘાટકોપર

તરફથી રાખવામાં આવી હતી.

* પાંચ દિવસના મહોત્સવમાં પાંચે દિવસ શ્રી રંભાબેન પોપટલાલ વોરા (હસ્તે હસમુખભાઈ) તેમ જ નીચે જણાવેલ મહાનુભાવો તરફથી સ્વામીવત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

**કાયમી જમણ :** ૧. શ્રી ઇન્દિરાબેન રમેશચંદ્ર દોશી (હા૦ શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી-પરિવાર), ઘાટકોપર; ૨. લખતરનિવાસી હરિભાઈ શિવલાલ દોશી (હા૦ શ્રી રતનબેન શિવલાલ મનજીભાઈ દોશી તથા શ્રી રમણીકભાઈ દોશી), દાદર; ૩. શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી, જમશેદપુર (શ્રાવણી પૂર્ણિમા-સવારનું); ૪. શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ (શ્રી રાયચંદભાઈના માતુશ્રી સ્વ૦ વેજીબેન, મામા સ્વ૦ રામજી રૂપશીભાઈ તથા મામી સ્વ૦ ગંગાબેન રામજીભાઈના સ્મરણાર્થે) નાઈરોબી; ૫ શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા-પરિવાર, સુરત (શ્રાવણ વદ બીજ સવારનું).

* પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ બહેનશ્રીનાં પ્રવચન કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયા તેમ જ સ્વ. શ્રી સોનાબહેન

(હસ્તે બ્ર સુશીલાબેન) સોનગઢ તરફથી અને ૨૫% ડિસ્કાઉન્ટ શ્રી પ્રવિણચંદ્ર ભગવાનજી સંઘવી, અમદાવાદ તેમ જ શ્રી ચંદ્રકાંત ઉજમશીભાઈ મહેતા તરફથી આપવામાં આવેલ હતું.

* ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ'ના વાર્ષિક લવાજમમાં રૂા. ૪ = ૦૦નું ડિસ્કાઉન્ટ શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી, મુંબઈ તરફથી રાખવામાં આવ્યું હતું; ૧૭૪ નવા ગ્રાહક બન્યા હતા.

* સતસાહિત્યના વેચાણમાં નીચે પ્રમાણે ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.:—

૧૦% શ્રી કળાબેન હસમુખભાઈ પોપટલાલ વોરા, મુંબઈ

૧૦% સપાણી પરિવાર (હસ્તે શ્રી હરગૌરીબેન પ્રભુલાલ સપાણી અને શ્રી વસંતબેન ધીરજલાલ સપાણી). મદ્રાસ–હૈદરાબાદ,

૧૦% શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર–પરિવાર, મદ્રાસ

૫% શ્રી દલીચંદભાઈ વ્રજલાલ અજમેરા, હસ્તે અશોકભાઈ, બોરીવલી

—રૂ. ૩૬૦૦૦=નું ધાર્મિક સાહિત્યનું વેચાણ થયું હતું. 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'ની હિન્દી આવૃત્તિનું પ્રકાશન થતાં ૨૦૦૦ પ્રત તુરત વેચાઈ ગઈ હતી.

* આ મંગલ અવસરે સંસ્થાને રૂા. ૪,૮૧,૦૭૧ = ૫૦ની નીચે પ્રમાણે આવક થઈ હતી :—

| | |
|---|---|
| ૭૯ના અંકમાં ૭૪૯ × ૭૯ | ૫૯,૧૭૧–૦૦ |
| જિનેન્દ્ર રથયાત્રાની બોલીમાં | ૬૨,૪૦૮–૦૦ |
| 'વધાઈ' ૧૦૦૦ × ૨૮ | ૨૮,૦૨૮–૦૦ |
| 'વધાઈ' ૫૦૦ × ૨૧૦ | ૧,૦૫,૨૧૦–૦૦ |
| જન્મવધાઈની છૂટક રકમ | ૧૩,૭૩૨–૦૦ |
| રથયાત્રા, પાલના ઝૂલનની છૂટક રકમ | ૬,૮૬૦–૦૦ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજા | ૭,૦૦૭–૦૦ |
| જિનેન્દ્ર-આરતીની બોલી | ૩,૫૧૭–૫૦ |
| જ્ઞાન આદિ વિવિધ ખાતામાં | ૧,૭૧,૦૦૦–૦૦ |
| (છમાસ દરમ્યાન) પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ચિત્રપટ સમક્ષ | ૨૪,૧૩૮–૦૦ |
| | ૪,૮૧,૦૭૧–૫૦ |

* **ધાર્મિકશિક્ષણવર્ગ** : દર વર્ષની જેમ જન્મજયંતી પ્રસંગે રાખવામાં આવેલ ૨૦ દિવસીય–તા. ૨૭–૭–૯૨ થી તા. ૧૫–૮–૯૨—પ્રૌઢ શિક્ષણવર્ગ તાત્ત્વિક અભ્યાસ

તથા શિક્ષણાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ અધિક સફળ રહ્યો. ઉત્તમવર્ગમાં બ્ર. ચંદુભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી પ્રવચનસાર ગાથા ૯૬-૯૮-૯૯ અને ૧૦૦ ઉપર તથા સાંજે શ્રી સમયસાર ગાથા ૧૧, ૧૨ અને ૧૩ ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. વ્રજલાલભાઈ શાહે સવારે શ્રી જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા અને સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક બીજા અધિકાર ઉપર શિક્ષણ આપ્યું હતું. સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ આદિથી તેમ જ હિન્દીપ્રાંતથી આવેલ શતાધિક શિક્ષણાર્થીઓએ તેમ જ વોશિંગટન (U. S. A.)થી કેટલાક દિવસ માટે આવેલા શ્રી રજનીભાઈ ગોસળીયાએ પ્રવચન-શ્રવણ તેમ જ શિક્ષણવર્ગનો પ્રમોદપૂર્વક લાભ લીધો હતો.

* **દશલક્ષણ પર્યુષણ પર્વ** : ભાદરવા સુદ ૫, મંગળવાર, તા. ૧-૯-૯૨થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૧૦-૯-૯૨ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણ પર્વ' દશલક્ષણ મંડલ વિધાન પૂજા તથા મુનિધર્મ-મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. ભાદરવા સુદ ૧૩ થી ૧૫ શ્રી રત્નત્રયધર્મ પણ ઉજવવામાં આવશે.

* **ઉત્તમક્ષમાવણી પર્વ** : ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૧૨-૯-૯૨ના રોજ પૂજાભક્તિ અને સમૂહ-ક્ષમાવણી પૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવશે.

—*—

## અષાડમાસની અષ્ટાન્હિકા પ્રસંગે

કાયમી મંડલવિધાન પૂજા—

શ્રી બળવંતરાય વાલજીભાઈ મહેતા, ગૌહાટી તથા

## પ્રાસંગિક મંડલવિધાન પૂજા

(૧) સ્વ. મંજુલાબેન બળવંતરાય પંચમીયાના સ્મરણાર્થે અને

(૨) અંજવાળીબહેન અમરચંદભાઈ સોનગઢ

—તરફથી રાખવામાં આવી હતી.

## પૂજ્ય બહેનશ્રીની ૬૦મી સમ્યક્ત્વ પ્રસંગે પ્રાસંગિક મંડલ વિધાન પૂજા

(૧) શ્રી સ્વ. મંજુલાબેન બળવંતરાય પંચમીયાના સ્મરણાર્થે અને

(૨) શ્રી મંજુલાબેન રસિકલાલ કોઠારી

—તરફથી રાખવામાં આવી હતી.

—*—

# SHREE DIGAMBAR JAIN ASSOCIATION

Chairmain : Laxmichand B. Shah   Secretary : Prabhulal D. Dodhia
Correspondence Address
12, Clonard Way, Hatch End, MIDDLESEX HA-5 4 Bu

## Pravinbhai Doshi (From Rajkot) To Visit London In Beginning of September '92

Dr. Pravinbhai D. Doshi F. R. C. S. (England) a renowned Jain Scholar and orator on JAINISM has kindly consented to visit London after Completing his tour of North America.

Dr. Doshi speaks fluently in English, Hindi and Gujarati. He has pioneered various educational activities for making YOUNG JAINS more interested in understanding and practice of JAINISAM. He will deliver lectures on "JAIN RELIGION" at following time and place; and everybody are invited to attend the lectures, which will be very interesting. His discourses are appealing and easy to understand.

PLACE : Bently Wood High School
Bridges Rood, (Entry From Masefield Road)
Off : Uxbridge Road, or From Clamp Hill
Stanmore-MIDDLESEX

DATE : From 1st September 1992 to 10th September 1992
TIME : 9 to 10.15 P. M.
DATE : From 11th September to 14th September 1992
TIME : 8 to 10 P. M.

વિશેષ જાણકારી માટે :—

Tel. No : 081-420 1565, 428 0315, 428 3005.

---

※ આર્ય પુરુષોંને તરાજૂમેં એક તરફ તો સમસ્ત પાપોંકો રખ્ખા ઔર એક તરફ અસત્યસે ઉત્પન્ન હુએ પાપકો રખકર તૌલા તો દોનોં સમાન હુએ. ભાવાર્થ—અસત્ય અકેલા હી સમસ્ત પાપોંકે બરાબર હૈ.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૩)

※ મનુષ્ય અપને દોષોંકો યદ્યપિ કપટસે આચ્છાદિત કરતા હૈ (ઢંકતા હૈ) તો ભી વહ લોકમેં ક્ષણભરમેં ઇસ પ્રકારસે અતિશય પ્રકાશમેં આ જાતા હૈ—પ્રગટ હો જાતા હૈ—કિ જિસ પ્રકારસે જલમેં ડાલા ગયા મળ ક્ષણભરમેં હી ઉપર આ જાતા હૈ. અત એવ મનુષ્યોંકો ઉસ માયાચારકે લિએ હૃદયમેં થોડાસા ભી સ્થાન નહીં દેના ચાહિયે.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્ન સંદોહ, શ્લોક-૬૨)

## 卐 પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર 卐

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માની ધ્વનિમાં, સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં, ભગવાનની વાણીમાં આવ્યું : "તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છે એમ નક્કી કર!" અહોહો!! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો! —કે એ પરમાત્મા અમે છીએ એમ નક્કી ક્યારે થશે?—કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહીં. —પૂજ્ય ગુરુદેવશ્રી (તા. ૧૫-૬-૬૬)

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૬/-